શ્રી સયાજી બાલજ્ઞાનમાળા પુષ્પ ૧૭૪મું

વીર વનરાજ

લેખક

ધૂમકેતુ



શ્રી સયાજી બાલજ્ઞાનમાળા પુષ્પ ૧૭૪ મું

વીર વનરાજ

*

ધૂમકેતુ

મળવાનું મુખ્ય સ્થળ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : અમદાવાદ

છ આના

પ્રકાશક : ગૌરીશંકર ગોવરધનરામ જોશી;
ખાનપુર . . . . . અમદાવાદ

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ,
સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ.
પાંચકુવા . . . . અમદાવાદ.

નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી ઃ. શ્રીમંત મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઈ, જી. સી. આઈ. ઈ, એલ એલ. ડી. એઓશ્રીએ કૃપાવંત થઈ બે લાખ રૂપિયાની જે રકમ અનામત મૂકેલી છે તેના વ્યાજમાંથી 'શ્રી. સયાજી બાળજ્ઞાનમાલા' રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદનુસાર આ 'વીર વનરાજ'નું પુસ્તક શ્રી. ધૂમકેતુ પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે ને તે ઉક્ત માળાના ૧૭૪મા પુષ્પરૂપે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

પ્રાચ્ય વિદ્યામંદિર ભાષાંતર શાખા; વડોદરા તા. ૪-૮-૪૨	ભા. પ્ર. કોઠારી ભાષાંતર મદદનીશ	જયો. મા. મહેતા વિદ્યાધિકારી, વડોદરા રાજ્ય.

પ્રસ્તાવના


જીવનચરિત્રો જીવનચરિત્ર ઘડે છે. એટલા માટે ' વીર વનરાજ 'નું જીવનચરિત્ર લખવાનું મને જ્યારે કહેવામાં આવ્યું ત્યારે મેં એ વસ્તુનો સ્વીકાર કરીને યથાશક્તિ આંહી એનું નિરૂપણ કર્યું છે. આ જીવનચરિત્ર શુદ્ધ ઇતિહાસ નથી તેમ જ કલ્પનામિશ્રિત વાર્તા પણ નથી. ઇતિહાસને પશ્ચાદ્ ભૂમિકામાં રાખીને, પ્રબંધચિંતામણિ, રાસમાલા, પ્રબંધકોશ, રત્નમાલા, કુમારપાલચરિત વગેરે સાધનોમાંથી આ જીવનચરિત્ર લખાયલું છે. જેને વિષે હજી વિદ્વાનો એકમત થઇ શક્યા નથી એવી માહિતી છોડી દીધી છે અથવા આપી છે તો નિશ્ચયાત્મક સ્વરૂપમાં મૂકી નથી. ભાષાને સહેલી કરવાનો કૃત્રિમ પ્રયાસ કર્યો નથી; તેમજ વસ્તુને ઢાંકી દે એવી આલંકારિક રીતે એને ક્લિષ્ટ પણ કરી નથી.

આ કામ મને સોંપાયું ત્યારપછી ઘણી મુદત વીતી ગઈ. બીજાં કામ આડે આ વસ્તુ લંબાયે જતી હતી. છતાં ભાષાંતર-શાખાના કાર્યવાહકોએ અને પ્રાચ્યવિદ્યામંદિરના અધ્યક્ષ મહાશયે એ તરફ જે ઔદાર્યવૃત્તિ બતાવી છે તે માટે હું એમનો ઘણો આભારી છું. એમની એવી દૃષ્ટિ ન હોત તો મારા જેવાની સ્થિતિ આવા કાર્ય પરત્વે તો સુડી વચ્ચે સોપારી જેવી થાત.

આ એક પ્રશંસાપાત્ર વસ્તુ છે કે અનેક જીવનચરિત્રો દ્વારા આ ગ્રંથમાળા ગુજરાતનાં ઊગતા કુમાર કુમારીઓને જીવનચરિત્ર ઘડવાનું માર્ગદર્શન કરાવી રહેલ છે. મારા તરફથી પણ સ્વતંત્ર રીતે બીજાં જીવનચરિત્રો—ખાસ કરીને મહાન પુરુષોનાં-બહાર પાડવાનો પ્રબંધ થઈ રહેલ છે.

ખાનપુર, અમદાવાદ.
તા: ૩૦ : ૭ : ૪૨

ધૂમકેતુ




વીર વનરાજના સમયનું ગુજરાત



વીર વનરાજ

। પ્રાચીન પ્રતિમા ઉપરથી ।



વીર વનરાજ

રાણી રૂપસુંદરીની વિદાય

જે વખતે હજી અણહિલપુરપાટણ સ્થપાયું પણ ન હતું, તે સમયની આ વાત છે. આજથી લગભગ અગિયારસો–બારસો વર્ષ પહેલાં પંચાસર નામે ગામમાં જયશિખરી નામે એક બહાદુર રાજા થઈ ગયો. એ પંચાસર ગામ હજી પણ કચ્છના રણની હદ ઉપર ટકી રહ્યું છે. એ ગામ હવે તો રાધનપુર સંસ્થાનનું એક નાનકડું ગામડું છે. પણ એક વખત એક નાના સરખા પણ સ્વતંત્ર રાજની એ રાજધાની હતું—એ સઘળો પ્રદેશ વઢીઆર નામે ઓળખાય છે.

આ જયશિખરી હતો તો નાનાસરખા રાજનો ધણી—પણ તે અણનમ હતો ને કોઈનો તાબેદાર ન હતો.

ભુવડ નામે એક રાજાએ એના ઉપર સવારી કરી. વર્ષો પહેલાંની વાત રહી એટલે આ ભુવડ ક્યાંનો રાજા હતો તે હજી બરાબર નક્કી થયું નથી. કેટલાક એને કાન્યકુબ્જ—કનોજનો રાજા ગણે છે. કેટલાક એને દક્ષિણમાં આવેલ કલ્યાણનો ચૌલુક્ય રાજા માને છે. એ ગમે તેમ હોય, ભુવડે જયશિખરી ઉપર સવારી કરી; અને કારણ વિના કરેલી આ સવારીનો શૂરવીર જયશિખરીએ શૂરવીર રીતે જવાબ વાળ્યો, એટલું ચોક્કસ છે.

રાજાનો સાળો ને પરાક્રમી સેનાપતિ સુરપાળ નામે હતો; ભુવડના સેનાપતિના એક હુમલાને તો તેણે પાછો પણ કાઢયો હતો. પણ જ્યારે ભુવડ પોતે ચડી આવ્યો ને જયશિખરીને લાગ્યું કે મૃત્યુ અથવા શરણાગતિ સિવાય હવે કોઈ ત્રીજો માર્ગ જ નથી રહ્યો—કારણ કે પંચાસરનો કિલ્લો વહેલે મોડે પણ ભુવડને હાથ પડશે, ત્યારે એણે પોતાની પટરાણી રૂપસુંદરીને ને પોતાના સાળા તથા સેનાપતિ સુરપાળને બોલાવ્યાં.

હરેક પળ કીમતી હતી અને દરેક ક્ષણે દુશ્મનો ધસી આવી રાજમહેલને ઘેરી વળશે એવી બીક હતી.

રાજાએ અજબ જેવી શાંતિથી રાણીને કહ્યું: ‘ રાણી ! આપણે આ પંચાસરમાં વર્ષો સુધી શાંત સુખી જીવન ગાળ્યું. આજે હવે આપણે છૂટા પડવાની પળ આવી ગઈ છે. મેં તમને એટલા માટે જ બોલાવ્યાં છે. ’

એ વખતે રાણીએ દૃઢતાથી કહ્યું: 'મહારાજ! તમારી સાથે સુખમાં જ રહું ને દુઃખ આવે ત્યારે ભાગી છૂટું એવી કાયર તમે મને ધારો છો? મને તો મારી માએ ગળથુથીમાં એક વાત પાઇ છે. રજપૂતાણી કદાપિ પણ દુઃખમાં પતિને છોડતી નથી. જે થવાનું હોય તે ભલે થાય. હું તો તમારી પડખે જ મારો દેહ પાડીશ.'

એનના વીરત્વ ભરેલા શબ્દોથી ઉત્તેજિત થઈને સેનાપતિ સુરપાળે પણ કહ્યું: 'મહારાજ! આ રાજમહેલમાં કોઈ પ્રવેશ કરે તે પહેલાં મારો દેહ દરવાજા પાસે પડશે.'

બહાર દુશ્મનોનો જબરો ધસારો શરૂ થયો હતો. કોટ પડવા માંડ્યો હતો. શહેરની અંદર સૈનિકોએ પ્રવેશ કર્યો હતો, પણ તેમને કોટના રક્ષકોએ પાછા કાઢ્યા હતા. મામલો કટોકટીનો થતો જતો હતો. 'જીવીશું તો પાછાં મળીશું રાણી!'

'ના મહારાજ, એમ નહિ, એમ કહો કે સાથે જીવીશું કે સાથે જ રણમાં પડીશું!'

'સુરપાળ!' મહારાજ જયશિખરીએ કહ્યું: 'મેં તમને શા માટે બોલાવ્યા છે એ ખબર છે? આજે તો દુશ્મનો જબરા છે. કદાચ આપણને હંફાવી જશે. પણ જો ચાવડાવંશનું એક પણ નાનું બાળક જીવતું હશે, તો ભવિષ્યમાં કોઈક દિવસ પંચાસર પાછું ફરી ઘેર આવશે—મેં તમને એટલા માટે બોલાવ્યા છે. અત્યારે મારે તમારી સમશેરનો નહિ, તમારી સલાહનો ખપ છે.'

સુરપાળ વિચાર કરી રહ્યો. મહારાજની વાત સાચી હતી. પોતાની બેન સગર્ભા હતી. ઈશ્વરેચ્છા હોય ને એને વગર હરકતે બાળક જન્મે તો એ બાળક એક દિવસ ફરીને પંચાસર હાથ કરે.

'પણ મહારાજ—'

બહાર રણશિંગું વાગ્યું. શંખ ફૂંકાયા. ઘોડાઓએ હણહણાટ શરૂ કર્યો. તીરો છૂટચાં.

'વખત નથી સુરપાળ! કાંઈ પણ વાત કરવાનો વખત નથી. રાણી! મારી કીર્તિ, મારો વંશ, મારી આશા, સઘળાંનો વારસો અત્યારે તમારી પાસે છે. તમે ધારશો તો પંચાસર ફરી વસશે. તમે ધારશો તો રાજ પણ પાછું ફરી હાથ થશે. બોલો, શું કરવું છે? એક ઘડી પછી તો કદાચ બોલવાનો પણ વખત નહિ રહે.'

રૂપસુંદરી ગદ્‌ગદ્ થઈ ગઈ. તેણે મહારાજના ખભા ઉપર માથું નાખી દીધું: 'મહારાજ! હું તમારો રણધ્વજ ફરકતો રાખીશ; પણ મને જવું ગમતું નથી.'

'કોઈને ન ગમે. પણ અત્યારે જેટલી વીરતા મરવામાં છે એના કરતાં હજારગણી વધારે વીરતા જીવવામાં છે. મરનારને તો અત્યારે એક ઘડી જ લડી લેવાનું છે—પણ જીવનારને તો વર્ષોનાં દુઃખ, વર્ષોની યાતનાઓ, વર્ષોની નિરાશાઓ સહન કરવાનાં છે ને વર્ષો સુધી લડવાનું છે. સુરપાળ! બોલ, તારે એક ઘડી બેઘડી યુદ્ધ કરી જશ લઈ લેવો છે કે વર્ષો સુધી લડાઈનો રંગ ચાલુ રાખી

પંચાસરને ફરી જીવાડવું છે?'

'મહારાજ! તમારી વાત તો સાચી છે. મારી બેન જીવશે તો કોઈક દિવસ ફરીને રણનો લહાવો મળશે. મહારાજ! હું પણ એ જ કહું છું—તમે ને મારી બેન ગુપ્તદ્વારમાંથી બહાર નીકળી જાઓ—અને હું લડાઈ ચાલુ રાખું છું!'

'હા મહારાજ!' રાણીએ કહ્યું.

જયશિખરીએ ડોકું ધૂણાવ્યું. 'સુરપાળ! એ ન બને. હું રાજા છું. લોકોએ મને રાજા માન્યો છે. લડાઈમાં મારે જ ખપવું પડે. અત્યારે હું નાસું —તો તો મારી એકોતર પેઢીના પિતૃઓ રૈરવ નરકના અધિકારી બને.'

છેવટે સમજાવીને સુરપાળને અને રાણી રૂપસુંદરીને રાજમહેલના એક ભોંયરા પાસે જયશિખરી દોરી ગયો. ત્યાં એક ઘડીભર સૌ સ્તબ્ધ ઊભાં રહ્યાં. હવે પછી એકબીજાંને તેઓ મળવાનાં ન હતાં. આ મુલાકાત છેલ્લી હતી.

રાણીની આંખમાં આંસુ હતાં. સુરપાળ આંસુ આવવા દેતો ન હતો. રાજા આંસુ રોકી રહ્યો હતો. એક પળે ત્રણે જણાના હાથ એકી સાથે સામસામે નમસ્કાર કરતા ઊંચા થયા. માથાં નીચાં નમ્યાં. ગદ્‌ગદ્ કંઠે 'મહારાજ!' 'રાણી!' 'સુરપાળ' એવા ત્રણ શબ્દો માંડમાંડ નીકળ્યા, ને તરત નખશિખ આયુધધારણ કરેલા એક સૈનિકે ભોંયરામાંથી બહાર નીકળી તેમને નમસ્કાર કરી કહ્યું: 'મહારાજ! હવે એક પળ પણ ખોવાની નથી. દુશ્મનોએ ચારે તરફથી

ધસારો કર્યો છે. '

સુરપાળ ને રૂપસુંદરીએ રાજા તરફ છેલ્લી દૃષ્ટિ નાખી ઉતાવળે ભોંયરામાં પ્રવેશ કર્યો. એક વખત રૂપસુંદરીનો ' મહારાજ ! જાઉં છું ! ' એ શબ્દ સંભળાયો ન સંભળાયો ને ગુપ્તદ્વાર બંધ થયું.

મહારાજ જયશિખરી એકલા ત્યાં—એ બંધ થયેલા દ્વાર ઉપર—દૃષ્ટિ ફેંકતા ઊભા રહ્યા.

એમ એ કેટલીવાર ઊભા રહ્યા તેનું એને ભાન ન રહ્યું. જ્યારે તે જાગ્યા ત્યારે એક દાસી હાથ જોડીને સામે ઊભી હતીઃ તે સૈનિકના વેષમાં હતી. તેણે નખશિખ આયુધ ધારણ કર્યાં હતાં. તેણે નમીને કહ્યુંઃ ' મહારાજ ! રાજમહેલના ચોગાન સુધી ધસેલા સૈનિકોને માર મારીને રાજમહેલના કિલ્લા બહાર તો કાઢ્યા છે ! અત્યારે હવે કિલ્લાના દરવાજા પાસે મરણિયું યુદ્ધ ચાલે છે ! '

' ધન્ય છે ! કોણે એ કર્યું ? '

' મહારાજના અંતઃપુરના દાસીસૈન્યે. '

સમાચાર સાંભળીને મહારાજ જયશિખરીનો રણોત્સાહ વધ્યો. તે કિલ્લાની સંભાળ લેવા બહાર ધસ્યો. એના હાથમાં ભયંકર સમશેર શોભી રહી.

ભાઈ અને બહેન

રાણી રૂપસુંદરી અને સુરપાળ પેલે ગુપ્ત માર્ગે થઈને રાજમહેલમાંથી બહાર નીકળી ગયાં. જ્યારે તેઓ ભોંયરામાંથી બહાર નીકળ્યાં ત્યારે ત્યાં બે ઘોડેસવારને ઊભેલા તેમણે જોયા. કાંઈપણ બોલ્યા વિના રાણીએ અને સુરપાળે ઘોડા ઉપર સવારી કરી અને જેમ બને તેમ અજાણ્યે માર્ગે થઈને તેઓ પોતાને પંથે પડી ગયાં.

રસ્તામાં રાણીએ પૂછ્યું: 'આપણે ક્યાં જવું છે?'

સુરપાળે જવાબ દીધો: 'જ્યાં ભીલો રહે છે એવા વિંધ્યાટવીનાં અરણ્યોની પાસે.'

'ભીલો પાસે?'

'હા.'

'કેમ?'

'કારણ કે જીવ જાય તો ભલે, પણ જેની સેવા સ્વીકારી તેને દગો ન દે એવી એ વિશ્વાસુ જાત છે.'

ચાલતાં ચાલતાં થોડા દિવસે ભાઈબહેન બન્ને હાલ જ્યાં રાજપીપળાના ડુંગરાઓ છે, એ ડુંગરમાળમાં આવી

પહોંચ્યાં. ત્યાંનાં જંગલો જોઇને તો રાણી છક્ક થઈ ગઇ. ઘાટાં વૃક્ષોથી છવાયલા માર્ગો એક બીજાને ક્યાં મળે છે ને ક્યાં જાય છે એનો કાંઈ પત્તો જ ન લાગે.

ઠેરઠેર ડુંગરાઓ ઉપરથી દોડતાં દોડતાં આવીને ઝરણાં, નદીમાં મળી જઈ ગેલ કરતાં કરતાં આગળ વધી રહ્યાં હતાં; પંખીઓના કલરવથી જ્યાં જુઓ ત્યાં જાણે, સંગીતનો કોઈ મહાન જલસો ચાલી રહ્યો હતો; એક બાજુ ડુંગરાઓની હારની હાર ચાલી જતી હતી; બીજી બાજુ ઘાટી ઝાડી આવી રહી હતી. કેટલાંક વૃક્ષો એટલાં ઊંચાં હતાં કે એની ટોચ જોવા માટે પાછળ ડોક નમાવતાં ડોક થાકી જાય. કેટલાંક વૃક્ષોનાં થડ, અંદર બેચાર માણસો નિરાંતે બેઠા વાતો કરે એટલાં વિશાળ હતાં. આ બધા જંગલથી પરિચિત હોય તેમ સુરપાળ કાંઈ પણ બીક વિના આગળ ને આગળ જતી પગદંડીએ પોતાનો ઘોડો ચલાવી રહ્યો હતો; તેની પાછળ રાણી રૂપસુંદરી પોતાનો ઘોડો ચલાવી રહી હતી. ખરા બપોર થયા હતા, પણ કોઈ ઠેકાણે સૂર્યનું એક કિરણ સરખું પણ દેખાતું ન હતું એક વખત માણસ આ જંગલમાં પેઠું કે એને શોધી કાઢવું એ કોઈ કાચાપોચા આદમીનું કામ નહિ. આવું ભયંકર એ જંગલ હતું.

'આ જંગલમાં આપણે રહેવું છે સુરપાળ?'

'હા બહેન, ભુવડને ખબર પડશે ત્યારે એ તમને શોધવા આકાશ પાતાળ એક કરશે. આ જંગલ કોઈ માનવીને દગો દેતાં નથી. આંહીંના ભીલ એમનાં બાળક છે. એ તમને સાચવશે.'

એટલામાં સામેની પગદંડી ઉપર એક ભીલ આવતો દેખાયો.

સુરપાળે ઘોડો સ્થિર કરી દીધો, ને તે સાવધ થઈ ગયો.

પેલો ભીલ પાસે આવતો હતો. તેને ખભે બાણ લટકતું હતું.

‘ કોણ ? ’ તેણે ત્યાં ઊભા રહીને જ પડકાર કર્યો.

‘ મહારાજ જયશિખરનો જય—પંચાસરનો જય ! ’ સુરપાળે જવાબ દીધો.

‘ મહારાજ જયશિખરનો જય ! ’ ભીલે અતિ ઉત્સાહમાં આવીને જવાબ વાળ્યો ને તે દોડતો આવ્યો.

‘ મહારાજ ! ’ તે સુરપાળના ચરણ પાસે નમી પડ્યો. સુરપાળે તેને ઓળખ્યો. તે ભીલોનો નાયક હતો. સુરપાળનો મિત્ર હતો.

‘ ભીલરાજ ! તમારું એક કામ પડ્યું છે. આપણી સૌની કસોટી આવી છે. ’ સુરપાળે કહ્યું.

‘ ફરમાવો મા’રાજ ! જે કામ હોય તે અમે કરીશું ! ’

‘ કામ બહુ આકરું છે. જો થાય તેમ હોય તો હાથમાં લેજો. નહિતર અમને રસ્તો બતાવો એટલે અમે આગળ વધી જઈએ ! ’

‘ શું કામ છે, મહારાજ ? ’

સુરપાળે પોતાનો ઘોડો એક બાજુ ખેસવી લીધો.

પાછળ ઘોડા ઉપર બેઠેલી રૂપસુંદરી ઉપર ભીલરાજની દૃષ્ટિ પડી. તેણે બે હાથ જોડીને પ્રણામ કર્યા—

'મહારાજ !—' તે સુરપાળ સામે જોઈ રહ્યો.

'મહારાજ જયશિખરી ઉપર આફત આવી છે. હું મારી બેનને આંહીં મૂકવા આવ્યો છું. દુશ્મનો બહુ બળવાન છે.'

'અમે લડવા આવીએ મહારાજ ! અમને સાદ કાં ન કર્યો ?'

'લડીશું તો અમે. લડીશું, મરીશું ને સ્વર્ગે જઈશું, પણ પંચાસરની આબરૂ તમારા હાથમાં સોંપવાની છે, એટલે તમને સાદ કર્યો નથી. તમારે પાછળથી રાજમાતાને સાચવવાનાં છે !'

ભીલરાજ માથું નમાવીને હાથ જોડી સુરપાળ સામે ઘડીભર ઊભો રહ્યો: 'મહારાજ ! કોઈ જાતની વ્યાધિ કરશો નહિ. ભીલનું પાંચ વરસનું એક બાળક પણ જીવતું હશે ત્યાં સુધી દેવીરાણી આંહીં નરભે છે.'

'દુશ્મનો આંહીં તપાસ કરશે !'

'છો કરતા. અમે આ જંગલનાં બાળક. અમને જંગલ કોઈદિ દગો દે નહિ !'

'પણ તમે હાથ પડશો તો હણી નાખશે !'

'મહારાજ ! તો બીજો અવતાર પામશું !'

'જીવતા બાળશે !'

'તો માનશું કે જંગલમાં દવ લાગ્યો હતો.'

'અને રાજમાતાને સંતાન આવે તેમ છે—એની પણ ચિંતા છે.'

'કાંઈ ફિકર નહિ મહારાજ! એને અમારો રાજા કરીને થાપશું. દેવના સોગન—જો કોઈ ભીલ ખૂટામણ કરે તો. ભીલ ખૂટશે તા'રે પરથવી પણ ખૂટશે.'

સુરપાળને ભીલરાજનો ભરોસો હતો. મહારાજ જયશિખરી ઉપર એને અત્યંત શ્રદ્ધા હતી. સુરપાળનો તો એ જાની મિત્ર હતો. રૂપસુંદરી એને સોંપી, પંચાસરમાં મહારાજને પડખું આપવાની સુરપાળને ઉતાવળ હતી. રૂપસુંદરી એ કળી ગઈ: 'સુરપાળ! હવે તું જાવું હોય તો આંહીંથી જ જા. હું આ ભીલરાજ સાથે જઇશ!'

એટલામાં બીજી બાજુથી સેંકડો ભીલોનાં ટોળાં આવતાં લાગ્યાં. તેઓ નજીક આવ્યાં ત્યારે રાણીને જોઈને છક્ક થઈ ગયાં. આટલું રૂપ એમણે કોઈ દિવસ જોયું ન હતું. એ સઘળાં તો રાણીને જોઈને હરખથી નાચવા લાગ્યાં. ભીલરાજને એક તરફ બોલાવી, રૂપસુંદરીની ભલામણ કરી, એને સંતાન આવે તો જીવની પેઠે જાળવવાનું કહી, સુરપાળ બેન પાસે રજા લેવા આવ્યો.

બેન ને ભાઈ એક ઘડીભર કાંઈ બોલી શકયાં નહિ 'બેન! ધીરજ રાખો, કાં તો દુશ્મનને જેર કરી તમને તેડવા મહારાજ પોતે જ પધારશે!'

'સુરપાળ! મહારાજ તો હવે સુરગંગાને તીર મારી

રાહ જોતા હશે!'

'પણ પંચાસરનો ધ્વજ તમને સોંપતા ગયા છે. તમારાથી નિરાશાનો શબ્દ નહિ બોલાય.'

'ભગવાન સોમનાથ તમને સૌને સહાય કરે—ને સૌ પાછા ફરી મળીએ—' રૂપસુંદરી પોતાનાં આંસુ છુપાવવા ડોકું ફેરવી ગઇ.

સુરપાળે તેને પ્રણામ કરી પોતાનો ઘોડો મારી મૂક્યો.

પંચાસર પડ્યું

થોડા દિવસ પછી સંધ્યાકાળે ગોરજથી ઊડતી રંગીન ધૂળમાં એક સવાર શ્વાસભર્યો પોતાનો ઘોડો પંચાસરને માર્ગે દોડાવી રહ્યો હતો.

અંધારું વીંટાતું આવતું હતું ને સવારને પંચાસર જવાની ઉતાવળ હતી.

થોડે દૂર ખેતરોમાં એણે અસંખ્ય ઢોર, માણસો, બાળકો, સ્ત્રીઓ, ગાડાં, ઘોડાં જેમ તેમ મુકામ કરીને પડેલાં જોયાં. પંચાસર પહોંચતાં હજી એક દિવસ થાય તેમ હતું, —રસ્તો વિકટ ને વાંકોચૂંકો હતો, અંધારું થતું આવતું હતું, ને દુશ્મનોની નજીકની કોઈ છાવણીમાં પોતે ભટકાઈ જવાની બીક હતી. એટલે સુરપાળે આડે માર્ગે ખેતર તરફ પોતાનો ઘોડો ચલાવ્યો.

તેને આવતો જોયો કે તરત બે ત્રણ જુવાન તીરંદાજો આડે ઊભા રહ્યા; એક બે ભેંશો પણ છાકોટા દેતી ઊભી થઈ ગઈ.

'કોણ છે?'

'તમે કોણ છો?'

'અમે મહારાજ જયશિખરની રૈયત!'

'આમ કેમ?'

'મહારાજ રણમાં પડ્યા; પણ તમે કોણ છો?'

'હું સુરપાળ!'

ત્રણે જુવાનો દોડ્યા. એની પાછળ બીજા માણસો પણ દોડ્યાં. સૌ સુરપાળને વીંટાઈ વળ્યાં. કેટલાક જુવાનો તો અધીરા થઈ ગયા. બોલવા લાગ્યાઃ 'ચાલો મહારાજ! અમને પાછા પંચાસર લઈ ચાલો.'

સુરપાળને પ્રજાની આ પ્રીતિ જોઇને લાગી આવ્યું. તેણે કહ્યુંઃ 'પંચાસરનો ઉદ્ધાર કરનારો કોઈ આવે ત્યારે તેને આવો ને આવો સાથ દેજો. અત્યારે તો આપણે હાર્યા છીએ. પણ કાંઈ મરી ગયા નથી.'

મોડી રાત સુધી એ ખેતરમાં મહારાજ જયશિખરીના રણક્ષેત્રની વાતો ચાલતી રહી. મહારાજ શી રીતે છેલ્લો જંગ ખેલ્યા, શી રીતે કિલ્લો પડ્યો, કિલ્લો પડવા છતાં ને રાજમહેલ પડવા છતાં, શી રીતે મહારાજની દાસીઓએ દુશ્મનોને ભગાડ્યા, મહારાજનું છેલ્લું પરાક્રમ જોઈને દુશ્મનો પણ મોંમાં આંગળાં નાખી ગયા, અને એમને એમ પંચાસરના યુદ્ધની એ વીરકથા સાંભળી સાંભળીને ફરી ફરી સૌ ગત મહારાજને સ્મરવા લાગ્યા.

છેક સવારના પો'રમાં જ્યારે કાગડા બોલવા માંડ્યા

ત્યારે સુરપાળ ઊઠયો.

તેણે સૌની રજા લીધીઃ ' કોઈક દિવસ હું પાછો ફરું ત્યારે જે પ્રીતિ અત્યારે સૌ બતાવી રહ્યા છો તેવી જ પ્રીતિ બતાવશો કે ? '

' અરે મહારાજ ! એવો દિવસ ક્યાંથી ? '

સુરપાળ સૌની રજા લઇ ચાલતો થઇ ગયો. મહારાજ જયશિખરી મરણ પામ્યા હતા. પંચાસર પડ્યું હતું. પ્રજા નાસી ગઈ હતી, એટલે હવે પંચાસર જવું નકામું હતું.

હવે તો એને એક જ આશા હતી.

ઈશ્વર કરે ને બેનને દીકરો આવે તો એ બાલ-રાજાને પાછો પંચાસરનો ધણી બનાવું.

રૂપસુંદરીની શોધ

જેવી રીતે સુરપાળ પોતાની બેન પાસે જવા નીકળ્યો હતો તેવી જ રીતે પંચાસરથી એક બીજો માણસ પણ રૂપસુંદરીની શોધમાં નીકળ્યો હતો.

એ માણસ તે બીજો કોઈ નહિ પણ ભુવડનો સેનાપતિ મિહિર હતો.

મિહિરને પહેલી વખત સુરપાળે હરાવ્યો હતો ને તેને કાળો પોષાક પહેરાવી પંચાસર બહાર કાઢી મૂક્યો હતો. એનું વેર એના મનમાં રહી ગયું હતું.

બીજી વખત પણ સુરપાળે એનું અપમાન કર્યું હતું. કારણ કે ભુવડ પોતે લડવા આવ્યો પણ પંચાસર પડતું ન હતું. કિલ્લો અજેય લાગ્યો. તે વખતે મિહિરે સુરપાળને રાજની લાલચ આપી ફોડવા યત્ન કર્યો. અને એવો સંદેશો પણ મોકલ્યો. પરંતુ મહાન ગરુડરાજ જેવી છટાથી સડી ગયેલ માંસનો કકડો કાગડાને ફેંકી દે એવી છટાથી સુરપાળે મિહિરનો સંદેશો પાછો ફેંકી દીધો. મિહિરનું આ બીજું અપમાન થયું.

એટલે રાણી રૂપસુંદરી નાસી ગઈ છે ને સુરપાળ એની સાથે છે, એ બાતમી મળતાં, તે પણ થોડા ચુનંદા સૈનિકો સાથે લઈ ભાઈબહેનને શોધી કાઢવા માટે નીકળ્યો.

સુરપાળે જ્યારે જંગલમાં પ્રવેશ કર્યો ત્યારે બીજી બાજુથી મિહિર અને તેનાં માણસોએ પણ પ્રવેશ કર્યો હતો. સુરપાળને આ ખબર ન હતી. પોતે બેનને જ્યાં છોડી હતી, એ જગ્યા ઉપર નોંધ રાખીને એ ચાલી રહ્યો હતો.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક જગ્યાએ થોડાં માણસો આગળ ગયાં હોય તેવું તેને લાગ્યું.

તે વિચાર કરવા થોભ્યો. એટલામાં સનસનાટ કરતું એક તીર તેના પગ પાસે આવીને પડયું. તે ચોંકી ગયો. તીરની દિશા તરફ નજર કરી તો આઘે આઘે ઝાડની ટોચ ઉપરથી કોઈ પંચાસરની જેવીતેવી ધજા ફરકાવતું લાગ્યું.

સુરપાળે તીર ઉપાડી લીધું ને પોતાનો ઘોડો એ દિશા તરફ વાળ્યો.

તે ત્યાં પહોંચ્યો તો પોતાના મિત્ર ભીલરાજને ત્યાં ઉભેલો દીઠો. ભીલરાજે સુરપાળને કાંઈપણ બોલવાની મના કરવા, નાકે આંગળી મૂકી. પોતે સરવા કાન કરીને જે દિશા ઉપરથી અવાજ આવતો હતો તે દિશામાં સાંભળી રહ્યો.

થોડીવાર પછી તે સુરપાળ પાસે આવ્યોઃ તેના કાનમાં ધીમેથી કહ્યુંઃ 'મહારાજ! દેવી મા આંહીં છે!'

'આંહીં?' સુરપાળે ચારે તરફ નજર માંડી પણ

૨

ક્યાંય ઝૂંપડું દેખાયું નહિ. ‘ ક્યાં છે ? ’

જે મહાનવૃક્ષની છાયામાં પોતે ઊભો હતો તે વૃક્ષ તરફ ભીલરાજે નજર કરી. ‘ મહારાજ ! આંહીં ! ’ અને એટલું બોલીને કાંઇક અવાજ કર્યો.

અવાજના જવાબમાં હોય તેમ કોણ જાણે ક્યાંથી ફૂટતાં હોય તેમ બે માણસ ઝાડની ડાળ ઉપર દેખાયાં.

‘ મહારાજ ! જે સ્થળ ઉપર દેવીમાને રાખ્યાં હતાં તે સ્થળની દુશ્મનને જાણ થઇ ગઇ હતી. તેના લશ્કરનો નાયક એ વખત આવી પણ ગયો ! ’

‘ કોણ હતો ? ’

‘ એ કાંઈ ખબર નથી. કોણ જાણે કોણ હશે ! ’

‘ પછી ? ’

‘ પછી શું ? જંગલનાં બાળક પાસેથી કાંઇ જંગલની છાની વાત કોઈને મળે ? મથામણ કરી ગયો. વળી પાછો આજે કોઇ મોટો સરદાર આવ્યો છે. તમે જે મારગે જતા હતા તે મારગે જ ગયો છે. એને હું આંહીં ટોચેથી જતો જોઈ રહ્યો હતો. ત્યાં તમને જોયા એટલે આંહીં બોલાવ્યા. ’

‘ પણ રાણીમાતા ક્યાં છે ? ’

‘ આંહીં—’ ભીલરાજે પેલા મહાનવૃક્ષના થડમાં જઈ થડે હાથ અડાડ્યો. ‘ આમાં માતા બેઠાં છે. સાથે બે ભીલ સૈનિકો છે ! ’

' આમાં ? ' સુરપાળના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે ઝાડના થડને ફરતો આંટો દેવા લાગ્યો. છ આઠ માણસો હાથમાં હાથ લગાવી ગોળકુંડાળું કરે તો પણ બાથમાં ન આવે એવું વિશાળ થડ હતું. સુરપાળે ઊંચે નજર કરી તો અંદર જવાનો રસ્તો દેખાયો નહિ. સૂર્યનાં કિરણનો પ્રવેશ પણ ન થાય એવી ઘાટી છાયાવાળી ડાળો ચારે તરફ ફેલાયલી હતી. તેણે બહુ ધ્યાનથી જોયું તો છેક ઊંચે ઊંચે—ઊંચામાં ઊંચી પાતળી ડાળે કોઈક વાંદરા જેવું બેઠું હતું.

' પેલું વાંદરા જેવું કાંઈક બેઠું છે ભીલરાજ ! '

' એ તો અમારો ચોવીસે ઘડીનો ચોકીદાર છે મહારાજ ! એના ઉપર અમારા જીવનમરણનો આધાર છે—અરે ! ગોપિયા, હો હો—! ' ભીલરાજે નીચેથી સાદ દીધો—

' હો—ઓ—' ગોપિયાએ ઉપરથી જવાબ વાળ્યો ને પાછો વાંદરાની પેઠે છુપાઈને બેસી ગયો.

' મહારાજ ! તમે અમને કામ સોંપ્યું કે તરતજ અમારાં માણસ છૂટાંછૂટાં પગદંડીએ પગદંડીએ પહોંચી ગયાં છે. દરેકે દરેક કેડી ઉપર અમારો ચોકીદાર છે. ને કોઈ અજાણ્યો માણસ જ્યાં જંગલમાં પેસે કે તરતજ એની ખબર આંહીં આવી જાય છે—જુઓ—ત્યાં કાંઈક નિશાની થાય ! '

જે દિશા તરફ ભીલરાજે ચીંધ્યું ત્યાં સુરપાળે દૃષ્ટિ કરી તો છેટેના એક ઝાડ ઉપર, કોઈને લાગે કે પંખી બેઠું

છે એવી રીતે એક માણુસ બેઠું હતું. તેણે આબેહુબ કોશિયા પંખીના જેવો અવાજ કર્યો.

'થયું!' ભીલરાજે કહ્યું.

'શું થયું?'

'જુઓને, આ કોશિયો બોલ્યો. માતા કુંતાજીની રાખડી જેવો એ કોશિયો ગણાય છે. એ કોશિયો બોલે એટલે સમજવું કે કાંઈ બીક જેવું નથી.'

'પણ એને કેમ ખબર પડી કે બીક જેવું નથી?'

'આ ઝાડ એ અમારી દેવીમાતાનું થાનક છે—એની ચારેકોરના ઝાડ ઉપર દૂરદૂર તીરંદાજો બેઠા છે. એ તીરંદાજોને એની પછીના ઝાડવાળા ખબર આપે છે. એને એની પછીના. કોઈ સીસોટી વગાડે. કોઈ નિશાની કરે. કોઇ પંખીના અવાજ કરે. એમ ને એમ આ ચોકી જંગલ પૂરું થાય ત્યાંસુધી ચાલી જાય છે. તમે પેઠા એ ખબર અમને તરત મળી ગઈ હતી! તમે જે કેડીએથી પેઠા એ કેડીએ કોઈ લાકડાંનો ભારાવાળો મળ્યો હતો?'

'હા. એક મળ્યો હતો ખરો.'

'એણે શું કહ્યું?'

'એણે કહ્યું 'જે મા'રાજકી!'

'બસ, એ અમારી નિશાની છે. તમે પસાર થયા કે એણે તરત એ નિશાની બીજાને આપી કે કોઈ દોસ્ત આવે છે!'

સુરપાળના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એને લાગ્યું કે જો આ ભીલો ન હોત તો મહારાજ જયશિખરીનો વંશવેલો પણ ન હોત.

મિહિર આ બાજુ આવ્યો છે ને પોતે કાંઈ કારણ વિના આંહીં ઊભા રહીને ભીલોને જોખમમાં નાખી રહ્યો છે એ ભાન થતાં તેણે તરત ઉપડવાની તૈયારી કરી. અત્યારે બહેનને મળવાની ઇચ્છા પણ એણે દબાવી દીધી.

ભીલરાજે કહ્યું: ‘ મહારાજ! હવે જે રસ્તે આવ્યા છો એ રસ્તે જતા નહિ!’

‘ કેમ ?’

‘ એ રસ્તો જ ત્યાં નહિ હોય !’

‘ કેમ ? ક્યાં ગયો હશે ?’

‘ એ કેડી તરત ભીલોએ લાકડાં પાંદડાં ડાંખળા વેરીને ભુંસાડી નાખી હશે. મિહિર—કે શું એનું નામ ?—એ પણ હવે આ રસ્તે પાછો ફરશે તો જંગલમાં ને જંગલમાં અટવાયા કરશે. એને રસ્તો જડે જ નહિ ને !’

‘ હું હવે કયે રસ્તે જાઉં ?’

‘ હા; તમે આ રસ્તે, મહારાજ! જુઓ, હું બતાવું, તે રસ્તે જાઓ. અત્યારે દેવીમાતાને બહાર લાવી શકાય તેમ નથી !’ સુરપાળ આ ભક્તિની મનમાં ને મનમાં પ્રશંસા કરી રહ્યો. તે વિચાર કરવા લાગ્યો કે ઓહોહો ! આ લોકોની સેવાનો બદલો તો કોઇ રાજા શું વાળવાનો હતો ?

તે જવાની તૈયારી કરે છે તેટલામાં આસપાસના નાનાનાના છોડવામાં કાંઈક ખખડાટ થયો.

અજગર હશે એ શંકાથી સુરપાળે તીર તૈયાર કર્યું.

ભીલનો રાજા હસી પડયો ! ' એ તો દેવીમાને ધરાવવા માટેનાં ફળ આવ્યાં !'

થોડીવારમાં પાસેના ભોંયરામાંથી નીકળ્યાં હોય તેમ બેત્રણ બૈરાં ને એકબે પુરુષ નીકળી આવ્યાં. તેમની પાસે પડિયામાં તાજાં ફળ ને ફૂલ હતાં.

તેમણે આવીને સુરપાળને ચરણે એક નીલું નાળિયેર મૂકયું. સુરપાળને તો આ સઘળું માયાવી રાજ લાગતું હતું.

પેલાં માણસો આવીને થડ પાસે ઊભાં રહી ગયાં. એકના ખભા ઉપર બીજો ઊભો. તેના ઉપર ત્રીજો. તેના ખભા ઉપર એક બૈરી ચડી ગઈ. તેના ખભા ઉપર ચડીને એક બીજી બૈરી ઝાડના થડ ઉપર થોડીવાર બેઠી ને પછી ભોંયરામાં જતી હોય તેમ ફળ ને ફૂલ સાથે તે અદૃશ્ય થઈ ગઈ. એ ગઈ કે તરત પેલાં ભીલ નરનારી, દોડીને છોડવામાં છૂપાઈ અદૃશ્ય થઈ ગયાં. સુરપાળે નજર કરી તો કોઈના પગની લેશ પણ નિશાની ત્યાં ન હતી.

' એ તો મહારાજ ! પગે પાંદડાં ને ઘાસ બાંધી લે છે. નહિતર તો ગમે તે વખતે આ થાનક ઉઘાડું પડી જાય !'

સુરપાળ હવે વખત ન ખોતાં પોતાના ઘોડા ઉપર ચડીને, ભીલરાજની રજા લઈ, તેમણે બતાવેલે રસ્તે ચાલી

નીકળ્યો. ભીલરાજ તેને થોડે સુધી વળાવી આવ્યો.

'મા'રાજ ! આંહીંની કાંઈ ફકરચંતા કરતા નહિ. દેવીમા જાણે પંચોહરના મો'લમાં બેઠાં માનો !'

'છે પણ એવું જ ભીલરાજ !'

'હજી તો તમે ઝાડનું પોલાણ ક્યાં ભાળ્યું છે? બીજી વખત આવો ત્યારે વાત.'

'હા, ચારે તરફના સમાચાર લઈને પાછો ફરીશ.'

'પણ આવશો શી રીતે ?'

'કેમ વળી? જંગલની કેડીએ કેડીએ—'

'પણ હવે તો આ જંગલમાં કોઈ આવી જ નહિ શકે એવો બંદોબસ્ત કર્યો છે. તમે 'જે જોગીંદર !' એમ કહેજો તો તમને આવવા દેશે.'

સુરપાળે પોતાનો ઘોડો મારી મૂક્યો.

વનનો રાજા

જંગલમાં રાણી રૂપસુંદરી મજા કરે છે. સુરપાળ અવારનવાર આંટો આવી જાય છે. ભુવડનાં માણસોનો ભય ઓછો થયો છે. છતાં ભીલો તો ખડેપગે ચોવીસેઘડી રાણીની રક્ષા કરે છે.

વૈશાખ મહિનાની પુનમની એક સાંજે રાણી રૂપસુંદરીને પુત્રનો જન્મ થયો. એ જોઈને રાણીનો તો ક્યાંય હરખ સમાય નહિ. ભીલો તો ઘેલાઘેલા થઈ ગયા. સુરપાળને કાને એ સમાચાર આવ્યા—ને ભુવડના માણસોનું ધ્યાન બીજે ખેંચી જવા માટે પોતે આ જંગલો છોડી દઈને તે ગીરના જંગલોમાં ઊતરી પડ્યો.

રાણી રૂપસુંદરી ક્યાં છે અને તેનું શું થયું છે એ વાતનો કોઈને પત્તો જ લાગ્યો નહિ. એટલે ધીમેધીમે એ વાત વિસારે પડી ગઈ.

ભીલોની વચ્ચે જંગલમાં રહીને રાણી પોતાના દિવસ નિર્ગમન કરી રહી છે. અને મહારાજ જયશિખરીએ જે કામ સોંપ્યું છે તે કામ પોતાનો પુત્ર કરી બતાવે એવી લાંબી આશા ઉપર એની જીવનદોરી નભી રહી છે. એક

દિવસ રાણી પાસેના જંગલમાં ફરતી હતી. ઝાડની ડાળીએ કુંવરનું ખોયું બાંધ્યું હતું. અંદર કુંવર ભરનિદ્રામાં પડ્યો હતો.

એટલામાં ફરતા ફરતા એક શીલગુણસૂરિ નામે મુનિ-મહારાજ ત્યાં આવી ચડ્યા. આવા જંગલમાં ને આવા એકાંત સ્થળમાં આવો સુંદર છોકરો જોઇને તેમને ભારે આશ્ચર્ય થયું. ખોયામાં નજર કરી તો જાણે પુનમનો ચાંદો ઊગ્યો હોય એવો રૂપરાશિ જેવો કોઈનો પુત્ર દીઠો. કાંઈક જ્યોતિષ જાણતા હતા. પગ ઉપર દૃષ્ટિ પડતાં રાજયોગ દર્શાવનારી સીધી રેખા જમણા પગમાં શોભી રહેલી જોઈ. એટલામાં રૂપસુંદરી આવી. જૈન સાધુને તો લાગ્યું કે જાણે કોઈ સ્વર્ગની અપ્સરા આ વનમાં ભૂલી પડી ગઈ છે. તેણે પૂછ્યું: 'બાઇ! દેવી! તમે કોણ છો? અને આ છોકરો કોનો છે?'

સાધુનું નિર્મળ વદન જોઈ અને મધુરભાષા સાંભળી રૂપસુંદરીને કાંઈક વિશ્વાસ આવ્યો. પણ પોતાને અતિમહેનતે બચાવનારા ભીલલોકો વખતે સંકટમાં આવી પડે એટલે કાંઈ જવાબ વાળતા પહેલાં તે વિચાર કરી રહી.

'શું વિચાર કરો છો?'

'તમે કોણ છો? અને આ જંગલમાં ક્યાંથી આવી ચડ્યા?'

'અમે સાધુ તો વિહાર કર્યા જ કરીએ. આજે આંહીં તો કાલે ક્યાંય. એમ ચંક્રમણ ચાલ્યા જ કરે. પહેલાં હું પંચાસરમાં પારસનાથના મંદિર પાસે આવેલા અપાસરામાં એક વખત રહ્યો હતો.'

'પંચાસરમાં?'

'હા.'

'ત્યારે તો મહારાજનું નામ સાંભળ્યું હશે?'

'મહારાજ જયશિખરીનું નામ ન સાંભળ્યું હોય એવો કોણ હોય? ખેતરેખેતરે હજી એમના નામનાં ગીતો ચાલી રહ્યાં છે; મેં એ સાંભળ્યાં છે. મને સાધુને પણ હર્ષ રોમાંચ થઇ આવે એવી ગીતિકાઓ પંચાસરની નારીઓ હજી ગાઈ રહી છે'

'મહારાજનું નામ સ્મરણ કરતી હું આંહીં રહું છું! ને આ દીકરાને આધારે દિવસો ગાળું છું.'

'તમે જ મહારાણી રૂપસુંદરી?'

રૂપસુંદરીએ સાધુને વંદના કરી. જૈનસાધુ 'ધર્મલાભ' એ શબ્દો બોલ્યા. એટલામાં તો ચારે તરફથી ભીલોનાં ટોળાં પણ આવી ચડયાં.

સાધુ બોલ્યા: 'મહારાણી! આ તમારો પુત્ર રાજા થાય એવી એની રેખા છે. ગયેલું રાજ એ પાછું મેળવશે!'

સાધુની આવી વાણી સાંભળીને રૂપસુંદરીના હર્ષનો પાર રહ્યો નહિ. જે દિવસ આવેલો જોવા માટે પોતે તલસી રહી હતી તે દિવસની સાધુ મહારાજે આગાહી કરી હતી. ભીલો પણ સાધુની વાણી સાંભળીને હર્ષમાં આવી ગયા. એટલામાં સાધુ મહારાજે ચેતવણી આપી: 'પરંતુ તમે માનો છો તેમ દુશ્મનો હજી તમારો પીછો છોડી ગયા

નથી. આંહીં તમે જંગલમાં છો એ વાતની એમને માહિતી મળી હશે તો તમને શોધવા તે આકાશપાતાળ એક કરશે !'

'મહારાજ !' ભીલોનો રાજાએ કહ્યું ; 'દેવીમાનો કે બાલ રાજાનો વાળ વાંકો થાય તે પહેલાં તો ભીલો મરી ખૂટશે !'

સાધુમહારાજે કહ્યું : 'તમારી રાજભક્તિ વિષે મેં જે સાંભળ્યું હતું તે આજ પ્રત્યક્ષ જોયું. પણ એ જ કારણે બાલરાજા ઉપર વધારે ભય આવી પડે. જ્યાં શંકા ન પડે એવા કોઈ સ્થળમાં હવે તમારે ખસી જવું જોઈએ !'

'ક્યાં જઈએ મહારાજ ?'

'ભીલરાજ કબુલ થાય તો એક સ્થળ છે. ધર્મનું થાનક એટલે કોઈને શંકા પણ નહિ પડે. આંહીં તો તમે વહેલેમોડે છતાં થઈ જશો."

'કયું થાનક ?'

'પંચાસર પાસે એક ગામ છે. ત્યાં દેવમંદિરમાં તમે રહેશો તો કોઈને ખબર નહિ પડે !'

'પણ કોઈ વાત કળી જાય તો ?'

'તમે પુજારણ બનીને રહેજો. આ તમારો પુત્ર—એનું નામ શું પાડયું છે ?'

'વનરાજ !'

'વાહ વાહ સિંહના બાળકને શોભે એવું જ નામ

છે. વનરાજ પણ ત્યાં રહેશે. ને સુરપાળ મહારાજ કોઈ વખત આવતાજતા રહેશે. મહારાજ જયશિખરી પ્રત્યે હજી લોકોમાં એટલી ભક્તિ છે કે કોઈ દગો આપે તેમ નથી.'

રાણીને સાધુની વાત સાચી લાગી. તેણે ભીલરાજ સામે જોયું. ભીલરાજને પણ લાગ્યું હતું કે રાણીનું રૂપ ને કુંવરનું રૂપ ભીલોમાં છતાં રહે તેમ નથી. કોઈક વખત પણ જો પકડાઈ જવાય તો એ જયશિખરી મહારાજનાં મહારાણી છે એ વાત દુશ્મન તરત પકડી પાડે તેમ છે. ને કુંવરને જંગલનાં પાણી લાગી જાય તો બધી કરીકારવી મહેનત ધૂળ થાય. તેણે આ વખતે પોતાની શૂરવીરતા ને ભક્તિ સાથે સમયોચિત ડહાપણ બતાવ્યું.

'દેવીમા! ભીલનું એક બાળક જીવતું હશે ત્યાંસુધી તમારો કોઇ વાળ વાંકો કરી શકે તેમ નથી એ ખાતે તો નરભે રે'જો. પણ મને દખ આ વાતનું છે કે અમારા જંગલનું પાણી કુંવરને લાગી જાય તો મુશીબત થાય.'

'હા, એ વાત પણ સાચી.' સાધુએ કહ્યું.

બીજે દિવસે સવારે અત્યંત અટપટા માર્ગે થઈને ભીલરાજ પોતે મહારાણીને ને વનરાજને પંચાસર પાસે ચંદુર*ના મંદિરમાં પહોંચાડવા ચાલી નીકળ્યો.

સાધુમહારાજ પણ સૌ સાથે નીકળ્યા. ને સૌ સુખરૂપ પહોંચી ગયા.

* કેટલાક ચંખેશર પણ ગણે છે.

'મા ! મારા પિતા કોણ ?'

વનરાજ ચૈત્યમંદિરમાં મોટો થતો ચાલ્યો. એના રૂપને વારંવાર ઢાંકવું પડતું. ગામમાં કોઈ બહારનો પરદેશી આવે કે રાજનું માણુસ આવે કે તરત પુજારણનો છોકરો અદૃશ્ય થઈ જતો. એમને એમ દસ બાર વર્ષ વીતી ગયાં. મા દીકરો દેવસેવા કરે, સાવચેતી રાખે ને દિવસો નિર્ગમન કરે. ક્યારેક ભીલરાજ, આવી જાય છે; કોઇ વખત વળી મધરાતે બુકાની બાંધેલો બહારવટીયા જેવો એક માણુસ આવે; ચાંદની ઝરતા આકાશ નીચે ફળીમાં ખાટલા ઉપર બેસી વાતો કરે; એની વાતોમાં તો બાળક વનરાજ તલ્લીન થઈ જાય. પણ એ કોણ છે એની એને ખબર નથી. એ એને 'મામા !' કહે છે. મામા એને વનુભા કહે છે. મામા જ્યારે ગીરનાં જંગલોના સિંહોની વાતો કરે ત્યારે વનરાજ તો ખાટલામાં કૂદવા મંડી જાય. એને તો ગીરનાં જંગલો જોવાની તાલાવેલી લાગે. એ માને કહેશે, મા ! હવે તમે મને એક વખત મામા સાથે જવા દો. પણ મા કાંઈ જવાબ વાળે નહિ. બહુ બહુ કહેવા માંડે ત્યારે મા કહેશે 'દીકરા !

તું કોણ છો એ જ્યારે હું તને જણાવીશ ત્યારે તને છુટ્ટો મૂકીશ.'

'પણ હું કોણ છું મા? આપણે આંહીં કેમ રહીએ છીએ?'

'એ સઘળું હું તને કહીશ દીકરા! વખત ચાલ્યો આવે છે. એ જાણ્યા પછી આ રમતગમત તને ગમશે નહિ!'

બાળક વનરાજ તો હમેશાં વિચાર કરવા માંડ્યો કે પોતે કોણ હશે? દૂરદૂરના ખેતરોમાં ક્યારેક તે એકલો ફરતો હોય ત્યારે પણ એના મનમાં તો એ જ વિચાર ઘોળાતો હોય. એક દિવસ હુતાશનીના તહેવાર ઉપર કોઈ છોકરા સાથે વનરાજને તકરાર થઈ ગઈ. છોકરાએ પોતાના બાપનું નામ લઈને કહ્યું: 'હું તો એનો દીકરો છું. કાં મરીશ ને કાં મારીશ પણ તને હાર્યો દા નહિ આપું. પણ તું કોણ છો સાધુડીના છોકરા? તારો બાપ કોણ છે એ તો કહે? એટલે પછી અમે તારી સાથે માપી ભરીએ!'

તે સાંજે વનરાજ ઘેર આવ્યો પણ એનું મોં ઉતરી ગયું હતું.

માએ બહુ કહ્યું પણ તેણે ખાધું નહિ.

એ તો હઠે ચડ્યો. 'તમે મને કહો મા! હું છું કોણ? તમે મને કેમ છૂપાવી રાખો છો?'

'મેં તને નથી કહ્યું કે વખત આવ્યે હું પોતે જ તને એ વાત કરીશ?'

'પણ મા! છોકરાં મને મેણાં મારે છે. હું પછી કોઈકનું તાલકું ફોડી નાખીશ.'

'દીકરા મારા! એ છોકરા નફ્ફટ છે. તારા ઉપર તો જોખમ છે!'

'એમ કહીને તો તમે મા! વાતમાં મોણ નાખ્યા કરો છો. હવે તમે વાત નહિ કહો તો કોઈક દિવસ તમારા છોકરાને હડમાં દેખશો. આજ હું એ રજપૂતાણીનાને બે શીખવી દેવાનો હતો.'

રાણીએ જાણ્યું કે હવે વનરાજથી વાત છુપાવવા જતાં વખતે આડુંઅવળું વેતરાઇ જાશે. તેણે ધીમેથી કહ્યું: 'ચાલ ત્યારે, મારી ભેગો દીકરા!'

વનરાજ ઉત્સાહથી ઉભો થઈ ગયો. ઘર પછવાડે એક નાની સરખી પડાળીમાં રૂપસુંદરી ગઇ. 'પેલો દીવો લઈ લે બેટા!' વનરાજે દીવો લીધો. આગળ મા ને પાછળ દીકરો બન્ને ભોંયરામાં ઉતર્યાં. રૂપસુંદરીએ એક ઠેકાણે દીવો મૂકી, એક ગોખલો ઉઘાડી અંદરથી એક મુદ્રા લીધી. તેનું અનુપમ રત્ન દીવાના પ્રકાશમાં પ્રકાશી ઉઠ્યું. પાસે ભીંત ઉપર લટકતી એક તલવાર પણ ઉપાડી. તે વનરાજ પાસે આવી.

'દીકરા મારા! તું કાંઈ જેવાતેવાનો વારસ નથી. પંચાસરના મહારાજનો તું પુત્ર છે. આ એની રાજમુદ્રા—તને સોંપવા મેં રાખી મૂકી હતી. અને બેટા! મહારાજે જે સમશેરથી પંચાસરને રક્ષ્યું હતું ને પોતાનો દેહ દેશ માટે લડતાં લડતાં આપ્યો હતો એ આ સમશેર. તારો વારસો

ઘણો મોટો છે. ને તારે લેવાનો વારસો તો એના કરતાં પણ મોટો છે. બોલ દીકરા ! તને હવે નિરાંત થઇ કે તું જેવા તેવાનો પુત્ર નથી ?'

વનરાજ તો કાંઇ બોલી શકયો નહિ. એણે તો શેરીઓમાં છોકરાઓ પાસે મહારાજ જયશિખરીનો વૃતાંત સાંભળીને રોમાંચ અનુભવ્યાં હતાં. ચાંદની રાતમાં પંચાસરની કથા કહેતાં કહેતાં માને અને મામાને, થાકે નહિ એટલી રસભરતી ચડતી એણે જોઇ હતી.

'ત્યારે મા ! પેલા બહારવટીયા જેવા આવે છે—'

'તે તારા મામા, બેટા ! મહારાજના સેનાપતિ સુરપાળ. એણે મહારાજના દેવ થયા પછી ગામ કેવું હોય એ જોયું નથી. તારો વારસો દીકરા ! દેવને શોભે એવો છે. હવે એને વધારે શોભાવવો તારા હાથમાં છે !'

વનરાજ પોતાના પિતાની રાજમુદ્રા અને તલવાર તપાસી રહ્યો હતો. તેનું હૈયું મહારાજ જયશિખરની મહત્તાની વાતો સાંભળી સાંભળીને તેના પ્રત્યે પૂજ્યભાવ ધરાવતું થયું હતું. આજે એને ખબર પડી કે એ જ મહારાજનો પોતે પુત્ર છે. એના હ્રદયમાં જાણે આનંદનો સાગર ભર્યો હતો. પોતાની જવાબદારીનું ભાન થતાં થોડીવારમાં એ ગંભીર બની ગયો.

'મા ! ત્યારે તો આ મહારાજની તલવાર અને મુદ્રા તમે સાચવો. એ ધારણ કરવા માટે મારે તો હવે પિતાનું રાજ પાછું મેળવવું પડશે !'

'અમે સૌ એ દિવસની જ રાહ જોઈ રહ્યાં છીએ, બેટા ! કે ક્યારે તું મોટો થાય ને ક્યારે બહાર પડે. પણ હજી તારે પ્રગટ થવાને વાર છે. એટલે તો હું તને વાત કરતી ન હતી. હવે તું અધીરો થઈને કાંઠે આવેલી વાતને વેડફી નાખતો નહિ !'

'મને તો હવે એમ થાય છે મા ! કે ક્યારે મામા આવે ને ક્યારે એમની સાથે જંગલમાં નીકળી પડું !'

એ જ વખતે બારણાની બહાર કોઈનો પગરવ સંભળાયો. મા દીકરો સાવધ બની ગયાં. એટલામાં એમને ચિરપરિચિત એવો એક પંખીનો અવાજ આવ્યો.

'અરે ! આ તો મામા આવ્યા છે' રૂપસુંદરી ભોંયરામાંથી બહાર બારણું ઉઘાડવા દોડી.

ઘોડાને દોરીને સુરપાળ અંદર આવ્યો. તે વનરાજની સામે જોઈ રહ્યો. આજે એના ચહેરા ઉપર એને જુદી ચમક લાગી.

‘ મામા ! મને રણક્ષેત્રમાં લઇ ચાલો. ’

સુરપાળની સામે જોઈને વનરાજ બોલ્યો: ‘ મામા ! આજ દિવસ સુધી તમે મને છેતર્યો. પણ હવે હું છેતરાઉં તેમ નથી હો. જ્યાંજ્યાં તમે જાઓ ત્યાં ત્યાં મને લઇ જવાનો છે. ’

સુરપાળ પામી ગયો કે ભાણેજના દિલમાં અત્યાર-સુધી સુતેલો સિંહ હવે જાગ્રત થયો છે. તેણે કહ્યું: ‘ વનુભા ! ઉતાવળા થતા નહિ. તમને હું સાથે તેડી જઈશ. પણ હજી તો તમારા લાયકનો ઘોડો હું શોધું છું. એ મળશે કે તુરત તમને તેડી જઈશ ! ’

‘ ઘોડામાં શું શોધવાનું છે મામા ? ’

‘ ત્યારે તમને ક્યાં ખબર છે કે આપણા જેવા જંગલના રખડુ માટે તો જીવનદોરી ઘોડા ઉપરજ લટકે છે. જો જરાક ભૂલ કરી તો મરણ તો સામે ઊભું હોય છે. તમારા લાયકનો એક ઘોડો અને તમારા જ લાયકનું એક સરસ ધનુષ્—એ બે હું તમને લાવી આપીશ ! ’

‘ ક્યારે લાવી આપશો મામા ? ’

રૂપસુંદરી અત્યાર સુધી સાંભળી રહી હતી તે બોલી : 'બેટા! તું ધારે છે એટલો તારો રસ્તો સહેલો નથી. હજી તો તારે જુદેજુદે ઠેકાણે વેરણછેરણ પડેલાં માણસોની તપાસ કરવાની છે. ચુનંદા માણસો ચૂંટવાનાં છે. દુશ્મનને ખબર ન પડે તેમ રહેવાનું છે. ને વર્ષોના અજ્ઞાતવાસને લીધે ભૂલાઈ ગયેલું મહારાજનું નામ ઘેરઘેર ફરી જગવવાનું છે. એમ ઉતાવળે આંબા ન પાકે દીકરા! હજી તો મામા મુશ્કેલીથી માંડમાંડ ટકી રહ્યા છે!'

'હું બધુંય કરીશ મા! તમે મને એક વખત બહાર નીકળવા દો!'

ભાઈ ને બહેન વનરાજની ઉત્કંઠા જોઈ આનંદ પામ્યાં. મોડી રાત સુધી કંઈકંઈ યોજનાઓ વિચારતાં તે બન્ને બેસી રહ્યાં. પડખે વનરાજ સૂતો હતો. પરંતુ તે સ્વપ્નમાં પણ ઝપાટાબંધ ઘોડો દોડાવી રહ્યો હતો. એક વખત તો તે મોટેથી બોલી ગયો 'હું મેળવીશ—હું જ મેળવીશ. બાપનું રાજ તો પાછું મેળવ્યા વિના હવે હું જંપવાનો નથી!'

રૂપસુંદરીએ તેના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું : 'અરે! દીકરા! તને કાંઈ ખબર છે કે કેટલી મુશ્કેલીઓ તારી સામે ખડી છે!' અને તે પડખું ફરીને સૂઈ ગયેલા વનરાજનું મોં નિહાળી રહી.

'બહેન! આ છોકરો વહેલેમોડે પણ રાજ પાછું મેળવશે. એના દિલમાં હવે ઝંપ નથી. જે દિવસની રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી રહ્યો છે!'

'હજી તો મારો વનુ નાનો છે, ભાઇ! ને ક્યાંક વધારે પડતું જોર બતાવવા જાશે તો એને જેર કરતાં દુશ્મનને શી વાર લાગવાની હતી? તમે જ હમણાં ન કહ્યું કે રાજા ભુવડે તેની પુત્રી* મહણિકાને આ દેશ કાપડામાં આપી દીધો છે!'

'હા, મેં એમ સાંભળ્યું!'

'ત્યારે પછી એનાં માણસો જૂના રાજાના વંશવારસને કાંઈ રેઢો મૂકશે? ફરી તપાસ શરૂ કરશે.'

'તપાસ તો શરૂ થઈ ચૂકી છે. એટલે હવે હું વનરાજને આવતે વખતે ગીરનાં જંગલોમાં ફરવા લઈ જઇશ. હું કોઇ જાતવંત ઘોડાની રાહ જોઉં છું. એવો ઘોડો મળી જાય તો પછી વનરાજ નિર્ભય થઈ જાય!'

'પણ હજી તમે સાથે ને સાથે રહેજો ભાઈ! હજી ગમેતેમ પણ બાળક છે!'

થોડા દિવસ પછી એક સંધ્યાટાણે સુરપાળ આવ્યો ત્યારે તેની સાથે એકને બદલે બે ઘોડા હતા. એક તો એનો પોતાનો ને બીજો વનરાજ માટેનો. સુંદર, ચપળ, પાતળો, ઊંચો ઘોડો જોઈને વનરાજ તો ખુશખુશ થઈ ગયો. એ તો એની પાસે જ ફર્યા કરે. ઘોડો પણ જાણે વનરાજની ઉત્કંઠા જાણી ગયો હોય તેમ હરખમાં ને હરખમાં થોડું ઝીણું હણહણે. ચારે પગ ધોળા, માથામાં ધોળું તિલક ને કાન તો જાણે કોતરેલા શંખ જેવા, ઝીણા, અણીદાર માથા

* મહણલદેવી નામ પણ છે.

ઉપર એક બની જતા. પોતાના પંચકલ્યાણી ઘોડાની ડોક ઉપર હાથ રાખીને વનરાજ ઊભો રહ્યો. ભાઈ બહેન એનો આ તલસાટ જોઈને હસી પડચાં. પણ એક ક્ષણમાં રૂપ-સુંદરીના હાસ્ય ઉપર આંખમાંથી બે અશ્રુબિંદુ ટપકચાં: ‘ ભાઈ! આ રૂપાળો ઘોડો કાલે તો કોણ જાણે ક્યાંનો ક્યાં મારા વનરાજને ઉપાડી જાશે ! ’ તે ગદ્‌ગદ્ થઈ ગઈ.

‘ અને બહેન ! એ જ રૂપાળા ઘોડા ઉપર બેસીને મહારાજ વનરાજ રાજતિલક કરાવશે ! ’

બીજે દિવસે વહેલી સવારે તો મામા સાથે જવા માટે અધીરો બનેલો વનરાજ પોતાના ઘોડા પાસે પહોંચી ગયો હતો. થોડીવારે સુરપાળ આવ્યો. રાણી રૂપસુંદરી ધીમે પગલે ને ભારે હૃદયે બહાર આવી. જેને આજ દિવસ સુધી જીવનની પેઠે જાળવી રહી હતી તે વનરાજ આજે બહાર જતો હતો. બહાર જઇને એને જંગલોમાં ભટક-વાનું હતું. છૂપાં સ્થળોમાં ફરવાનું હતું. દુશ્મનો સામે લડાઈમાં ઉતરવાનું હતું. અને જીંદગીના જોખમે જંગલી જાનવરો સાથે પડચા રહેવાનું હતું.

રૂપસુંદરીએ વનરાજને ઓવારણાં લીધાં. કંકુનો ચાંદલો કર્યો. ચોખા ચોડચા. એના મોંમાં ગોળનો કટકો આપ્યો. ને એની પાસે ઊભા રહીને લાંબા વખત સુધી એને પોતાની છાતીમાં સમાવી દીધો. જાણે છુટા પડતાં મરણ આવતું હોય એવી વેદના રાણીના મોં ઉપર છવાઈ ગઈ. તેણે વન-રાજને વારંવાર છાતી સાથે દાબી લીધો. પણ ગમે તેવી

વેદના થાય છતાં તે રજપૂતાણી હતી. ક્ષત્રિયનો ધર્મ સમજતી હતી. રાજાએ આપેલા વારસાની મહત્તા જાણતી હતી. તેણે પોતાની આંખમાંથી એક પણ આંસુ પડવા દીધું નહિ. વનરાજ માતાના ચરણ પાસે તલવાર મૂકી તેને પગે પડયો. આશીર્વાદ લઈ ઘોડા ઉપર ચડયો. ને માતાની રજાની રાહ જોતો ઉભો.

રૂપસુંદરીએ વજ્જર જેવું કઠણ હૈયું રાખીને કહ્યું : ‘ જા બેટા ! રણક્ષેત્રમાં વિજય કરીને પિતાનું રાજ પાછું મેળવીને આવજે. એમ કરતાં પાછું પગલું ભરતો નહિ કે મરણથી ડરતો નહિ ! ’

તે વધારે બોલી શકી નહિ. તેણે એકદમ મોં ફેરવી લીધું. પાછળ કાંઈપણ બોલ્યા વિના મુનિ શીલગુણસૂરિ આવીને ઊભા રહી ગયા હતા. તેણે રાણીને કહ્યું : ‘ મહારાણીજી ! આજે જ આપણી સૌની કસોટી છે. પોતાનો વારસો લેવા નીકળેલા કુંવરને હવે પ્રસન્ન થઈને રજા આપો ! ’

‘ રજપૂતાણીએ તો કરમે એ લખાવ્યું જ છે ગુરુજી ! પણ અળગો કરતાં જાણે જીવ નીકળી જાય છે ! ’

પ્રણામ કરતા વનરાજને શીલગુણસૂરિએ બોલ્યા વિના આશાર્વાદ દેવા હાથ ઊંચો કર્યો. એક ક્ષણમાં ઘોડાની ઝીણી હણેણાટી સંભળાઈ ને પોતાના ભાઈને તથા દીકરાને ફળીની બહાર નીકળતાં રાણીએ જોયા.

પછી તે બારણે આવીને ઊભી રહી. ને કાનમાંડીને

ઘોડાના દાબડા સાંભળી રહી. જ્યારે અંધારામાં નજર નાખી પહોંચી નહિ, ને દાબડાને અવાજ પણ ધીમો ધીમો થતો સંભળાતો બંધ થયો ત્યારે તે અંદર ગઈ, ને અત્યાર સુધી રોકી રાખેલું રુદન મોકળે મને કરી લેવા, પાસેના ખાટલા ઉપર પટકાઈ પડી.

સિંહ જાગ્યો !

વનરાજનું નવુંજીવન હવે શરૂ થયું. એ નવા જીવનની શરૂઆતમાં તો એને સૈનિક તરીકેની તાલીમ લેવાની હતી. દિવસોના દિવસો સુધી એને અને સુરપાળને જંગલમાં ગુપ્ત જગ્યાએ ભરાઈ રહેવું પડતું. ખોરાક ન મળે, પાણી ન મળે, રાત ને દિવસ એક ઘડી જંપ કરવાની પણ ન મળે, સિંહ વાઘ ને વરૂની વચ્ચે પડયું રહેવું પડે, ઝાડ ઉપર ચડીને ગુપચુપ સંતાઈને બેસવું પડે, ઉપર સર્પ લટકતા હોય ને નીચે અજગર પડયા હોય, એવી એવી આકરી કસોટીમાંથી વનરાજ પસાર થવા લાગ્યો. મામાએ જોયું કે ભાણેજ છે નાનો પણ વજ્જર દેહી છે. ઊંચાં સીધાં ખડકો ને ભયંકર ખીણો વટાવતાં એનો પગ ક્યાંય ધ્રૂજે નહિ એવી મનની સ્થિરતા એ મેળવવા લાગ્યો. એની ઘોડેસવારીમાં અજબ જેવી છટા આવી ગઈ. નદી નાળાં ને ઝરણાં કૂદતાં કે જંગલમાંથી સડેડાટ દોડતે ઘોડે રસ્તો કાપતાં, કે ભૂલ કરે તો ગળામાં વેલા અટવાઇ જાય ને સવારને લટકાવી મારે એવાં ગાઢ ઘીચ વનોમાંથી પસાર થતાં કે છાતી ફાડી નાખે એવી આકરી ચડાઈઓ ચડતાં, વનરાજ

દૃઢ મનોબળ અને અજબ જેવી શાંતિ બતાવવા લાગ્યો. એની પકડ સ્થિર થવા લાગી. એનું નિશાન અચૂક થવા લાગ્યું. એની આંખ સચોટતાથી પોતાનો શિકાર પકડી પાડવા લાગી. પણ પરદેશી રાજાનું બળ હજી ઘણું હતું એટલે મામોભાણેજ મોટી જમાવટ કરી સૈન્ય ભેગું કરી તેની સામે લડી શકે તેમ ન હતા. પણ એમણે પોતાની આસ-પાસ થોડાં ચુનંદાં માણસો ભેગાં કરી લીધાં ને ચારે તરફ લુંટફાટ ને ધાડાં પાડી દુશ્મનોને હેરાન કરવા લાગ્યા. એની પાછળ પડનારા રાજના સૈનિકો જંગલમાં ને જંગ-લમાં એવા તો અટવાઈ મરતા કે તેમનો પત્તો જ લાગતો નહિ. રાજસૈનિકો ધારતા હોય કે સુરપાળ ને વનરાજ હવે હાથવેંતમાં છે, આ જાય, એ દેખાય, આ પકડાયા, એવી આશામાં ને આશામાં તેઓ એમની પાછળ ધસ-મસતા ધસ્યા આવતા હોય, એટલામાં તો મામો ભાણેજ બન્ને એવા હાથતાળી દઈને ભાગી જાય કે દિવસો સુધી એમનો પત્તો જ લાગે નહિ. કાંઈક નિરાંત પામીને સૌ આશા રાખતા હોય કે હવે બન્ને જણ નાસી ગયા છે ત્યાં અચાનક સોનાની મુદ્રાથી ભરેલાં રાજતિજોરીનાં ગાડાં લૂંટાઈ જાય. કોઈપણ જગ્યાએ સામે મોંએ લડાઈ આપે નહિ. એટલે રાજસૈનિકો એમને હરાવી શકે નહિ. તેમ પકડી પણ શકે નહિ. હરેકે હરેક ધોરીમાર્ગ ઉપર એમની હાજરી અચૂક જણાવા લાગી ને છતાં સૈનિકો આવે તે પહેલાં તેઓ ગ્રીષ્મઋતુની વાદળીની માફક કોણ જાણે ક્યાં વેરાઈ જાય ! કોઈ વૃદ્ધને, અપંગને, બ્રાહ્મણને, કે સ્ત્રીને હેરાન કરેલ છે એવો એક પણ કિસ્સો આ ખાનદાન

બહારવટિયા વિષે શોધ્યો જડે નહિ. પણ રાજાના સૈનિકો દેશમાંથી ઉઘરાણું કરી જતા હોય, પાછળ હથિયારબંધ લશ્કરનું રક્ષણ હોય, તો પણ શિકારી બાજની ઝડપથી આવીને એવી તિજોરી ધરાર લૂંટી જાય. આજે આ જંગલમાં દેખાય તો કાલે એમનાં ઘોડાં પચાસ ગાઉ દૂર ફરતાં હોય. પવનના જેવી ઝડપથી આવે, વીજળીના જેવી ત્વરાથી ઘા કરે, ને ધૂમાડાની માફક જોતજોતામાં અદૃશ્ય થઈ જાય. ઠેરઠેર એમના પરાક્રમની ગાથાઓ રચાવા લાગી. ઠેકાણે ઠેકાણે એમની વાતો થવા માંડી. ગામેગામ એમને જોવાની ઉત્સુકતા વધવા લાગી. નાનાંમોટાં સૌ કહેવા લાગ્યાં કે બાપનું રાજ પાછું મેળવવા દીકરો જાગ્યો છે. જયશિખરીના વખતના રાજભક્તો મનમાં આનંદ પામવા લાગ્યા. ધીમે ધીમે સુરપાળ ને વનરાજના ધ્વજ નીચે હજારો સૈનિકો આવવા લાગ્યા. પોતાના જૂના રાજાના દીકરાને પરાક્રમ કરતો જોઈ પ્રજા હરખાવા લાગી. પરંતુ રાજા ભુવડનું સૈન્યબળ ઘણું વિશાળ હતું. સામે મોંએ લડાઇ કરતાં હારી જવાય તો બાજી કથળી જાય એટલે સુરપાળ હજી જંગલનો આશ્રય લઈને અવારનવાર ત્યાંથી નીકળી આવી સૈનિકો ઉપર છાપો લગાવી પાછો ભાગી જતો.

એક વખત મામાભાણેજને ખબર પડી કે રાજાની તિજોરી ભરીને અસંખ્ય ગાડાંઓ નીકળવાનાં છે.

એને સાચવવાનો બંદોબસ્ત તો ભારે હોય એટલે લડાઈ કરવી પોસાય નહિ. તેમજ આટલી બધી સમૃદ્ધિ દેશમાંથી ચાલી જાય એ પણ જોયું જાય નહિ. બન્ને જણાએ

જુક્તિ કરીને આ તિજોરી હાથ કરવાનો નિશ્ચય કર્યો. જે રસ્તે ગાડાંની હાર નીકળવાની હતી તે રસ્તો એક ઠેકાણે વિકટ બની જતો હતો. ત્યાં બન્ને બાજુએ ઊંચી સીધી ખડકોની હાર હતી ને માંડ એક ગાડું પસાર થાય એવી લાંબી નેળમાં થઈને ચાલવાનું હતું. વનરાજે આ રસ્તાના પ્રવેશદ્વાર પાસે જ લૂંટ ચલાવવાનો નિશ્ચય કર્યો આગલી રાતે સૌ ભેગા થયા. જુદે જુદે રસ્તે થઈને બબ્બે જણાની ટોળીમાં તેઓએ અમુક ઠેકાણે આવીને થોભવું એવી મસલત થઈ. જ્યારે આગલી હારનાં થોડાં ગાડાં નેળમાં પ્રવેશ કરે, ત્યારે બેચાર જણાએ છેડેનાં ખડકો ઉપર દેખા દેવી. નેળની ધારની બન્ને બાજુએ ઊભેલા સૈનિકો આથી ચમકશે ને કાંઈક દગો છે એમ ધારી ગાડાંઓને થોભવાનું કહેશે. એ તકનો લાભ લઈ પાછળનાં ગાડાં ઉપર તૂટી પડવું ને ધૂળ તથા કંકુની ડમરી ચઢાવી લૂંટ કરીને નાસી જવું.

આ પ્રમાણે આગલી રાતે યોજના કરી સૌ પોતપોતાને ઠેકાણે જવા માટે ઉપડી ગયા.

રાજા ભુવડે પોતાની પુત્રી મહણિકાને આ જીતેલો મુલક કાપડામાં આપ્યો હતો. એટલે કુંવરીના સૈનિકો દેશ-ભરમાંથી ઉઘરાણું કરી સોનારૂપાથી ભરેલાં ગાડાં સાથે ચાલી રહ્યા હતા. બંદોબસ્ત ઘણો મજબૂત હતો. થોડા માણસો આવીને લૂંટીને ચાલ્યા જાય એવો ભય કોઈના મનમાં હતો નહિ. વળી સુરપાળ તથા વનરાજે એવી રીતે હમણાં લૂંટો કરી હતી કે તેમની હાજરી છેક ગીરના જંગલમાં લાગે. એટલે સૌ સાવધ છતાં નિર્ભયતાથી આગળ વધી રહ્યા હતા.

ગાડાં પેલી સાંકડી નેળ પાસે આવીને અટક્યાં. નેળની ધાર ઉપર બન્ને બાજુએ છેક સુધી સૈનિકો ગોઠવાઈ ગયા. નાખી નજર પહોંચે ત્યાં સુધી આસપાસ કોઈ ચકલું ય ફરકતું દેખાતું ન હતું. છેક આગળના ભાગમાંથી સઘળું સહિસલામત હોવાની નિશાની થઈ ને નેળમાં ગાડાં આગળ વધ્યાં.

જ્યારે બરાબર અધવચાળે ગાડાં આવ્યાં ત્યારે એક બાજુથી સનન કરતું એક તીર આવ્યું ને નેળની ધાર ઉપર ઊભેલો એક સૈનિક વીંધાઈ પડયો. દગો ફટકો હોવાનો ગોકીરો થયો. તરત જ ગાડાંની પાછળ રક્ષણ કરતા ઘોડેસવાર રક્ષકો આગળ ધસી આવ્યા. નેળમાં તો જવાય તેમ હતું નહિ, તેમ જ ગાડાં પાછાં ફરે તેમ હતું નહિ, એટલે તેઓ ધારની બન્ને બાજુએ ગાડાના રક્ષણ માટે આગળ ધસ્યા. એટલામાં તો ચારે તરફ ઊભેલાં છૂટા છવાયાં ઝાડ ઉપરથી ગોફણના ઘાનો વરસાદ વરસવા લાગ્યો. સૈનિકો ચેતી ગયા કે બહારવટીઆઓ ઝાડ ઉપર ચડીને બેઠા છે. તેઓએ પણ સામો તીરનો વરસાદ શરૂ કર્યો. રમઝટ બોલવા લાગી. થોડીવારમાં દૂર દૂરથી બબ્બે ઘોડેસવારો પણ ચારે કોરથી આ બાજુ આવતા દેખાયા. એટલે તો ગાડાંની પાછળ રહેલા રહ્યાસહ્યા રક્ષકો પણ આગળ ધસી આવ્યા. ને ગોઠવાઇ જઇને બહારવટીયાનો પીછો પકડવા તૈયાર થઈ ગયા, બન્ને બાજુથી તીરોનો ને પથરાનો વરસાદ વરસવા લાગ્યો. ચારે તરફથી બહારવટીઆના ઘોડેસવારો આગળ આવી રહ્યા હતા ને સૈનિકો સઘળું

ધ્યાન એ દિશાઓ તરફ માંડીને યુદ્ધ કરી રહ્યા હતા.

એટલામાં પાછળ મોટી ચીચીયારીઓ થતી જોઈને સરદારે એ તરફ જોયું તો બહારવટીઆઓનું મોટું ટોળું તો તેમના બહાર થોભી ગયેલાં ગાડાંઓ ઉપર તૂટી પડયું હતું. ગાડાવાળા કેટલાક મરાયા હતા, કેટલાંક ગાડાં ઉપર બહારવટીઆઓ ચડી જઈ ને તેમને હાંકી જવાની તૈયારીમાં હતા. દુશ્મન સૈનિકો બહારવટિઆઓ સામે લડવાનું પડતું મૂકી, આ નવા લુંટારાઓ તરફ દોડી આવ્યા. પણ જેવા એ દોડયા તેવા જ પાછા હઠયા. તેમાંના ઘણાખરાને પોતે કયાં હતા તેનું પણ ભાન રહ્યું નહિ. વનરાજના સાથીદારો ધૂળની, ચૂનાની ને ગુલાલ કંકુની કોથળીઓ સાથે લાવ્યા હતા. તેમણે ચારે તરફ એનો વરસાદ વરસાવવા માંડયો. પોતે કયાં છે, નેળ કયાં છે, એનું ભાન કોઈને રહ્યું નહિ. ધૂળના તો ગોટેગોટા ઉડવા લાગ્યા. કાંઈ સૂજે નહિ એવું થઈ ગયું. કોણ બોલે છે, શું થાય છે, ગાડાંનું શું થયું એ વિશેની તો કોઈને કાંઇ ગતાગમ'જ પડે નહિ. પોતે નેળમાં ગબડી ન પડે એની સંભાળ રાખવામાં જ સૌ અટવાઇ ગયા.

જ્યારે ધૂળનું તોફાન શમ્યું ત્યારે સૈનિકોએ આંખો ચોળતાં જોયું તો નેળમાં થોડાક મરી ગયેલા બળદો અને ભાંગેલ તૂટેલ ગાડાનાં અવશેષો સિવાય બીજું કાંઈજ મળે નહિ. તેમણે બહારવટિયાઓની પૂંઠ પકડવા માટે તૈયારી કરી. પણ ચારે દિશામાં ચારે તરફ બહારવટિયાના સગડ હતા. એમાંથી કઈ દિશા પકડવી તે પણ નક્કી થયું નહિ.

વનરાજને આ લૂંટમાં ફત્તેહ મળી એટલે તો પછી એણે વારંવાર રાજના જ દ્રેમ્મ ઉપર નજર માંડી.

બીજીવાર પણ એ જ પ્રમાણે રાજનો ખજાનો તેણે લૂંટી લીધો.

ઘેર ઘેર વાત ચાલી કે સિંહ જાગ્યો છે. હવે પરદેશીઓ વધારે વખત પંચાસરનો કબજો રાખી શકશે નહિ.

સુરપાળ પણ ભાણેજની તેજવૃત્તિ જોઈ આનંદ પામ્યો. એને ખાત્રી થઈ કે મહારાજને આપેલું વચન પાળી શકાશે. માતા રૂપસુંદરીનો હર્ષ તો ક્યાંય સમાતો ન હતો. પણ એના અંતરમાં ચિંતા પણ એટલી જ હતી.

એટલામાં એક કરુણ બનાવ બન્યો.

મામો ગયો અને મિત્ર મળ્યો

એક વખત સુરપાળ જંગલમાં પુરપાટ ઘોડો દોડાવ્યે જતો હતો. સંધ્યાનો વખત હતો ને સામે પાર નીકળી જવાની એને જરૂર હતી. એટલામાં એના કપાળે એક તોતિંગ ઝાડની ડાળ ભટકાઇ ને તે તમ્મર ખાઈને નીચે પડી ગયો. વનરાજ એની પાછળ આવતો હતો, તેણે આ જોયું ને તે દોડયો પરંતુ તે મામાને બચાવી શકયો નહિ. પણ વનરાજ હવે બાપનું રાજ પાછું મેળવશે જ એવી અખૂટશ્રદ્ધા મામાની નજરમાં હતી. વનરાજે મામાનું રક્ષણ ગુમાવ્યું ને તે ફરી એકલો થઈ ગયો.

પણ ઇશ્વર અતિ દયાળુ છે. મામાને ખોયા પછી વનરાજ ઉદાસીન થઈને એક દિવસ ફરી રહ્યો હતો. નીલાછમ ડુંગરાઓ ઉપર વાદળાંઓએ તેજછાયાની રમત માંડી હતી. એક કાળી વાદળી આકાશમાં પથરાતી હતી અને તેને પકડવા એક બીજી નાની વાદળી ધસતી હતી. વનરાજ, મામાના વિયોગથી, એકલો બેઠો બેઠો જંગલમાં આ રમત જોઈ રહ્યો હતો.

એટલામાં તેણે ગજબની મીઠી વાંસળી સાંભળી. વાંસળી તો એ પોતે પણ વગાડી જાણતો. પણ એમાં આ મીઠાશ નહિ. એણે કેટલાય મોટા વાંસળી વગાડવાવાળાને સાંભળ્યા હતા પણ ક્યાંય આ ગજબનાક મધુરતા ન મળે. એ પોતાનું દર્દ ભૂલી ગયો અને આવો મધુર સ્વર ક્યાંથી આવે છે એ જોવા અધીરો બની ગયો.

દૂરદૂરના એક ડુંગરાની ટોચ ઉપરથી એ અવાજ આવી રહ્યો હતો.

વનરાજ ધીમે પગલે એ ડુંગરા તરફ જવા માટે ઉપડયો.

પણ ડુંગરાનો ચઢાવ એટલો સીધો હતો, એવી તો વાંકીચૂંકી ખાડા ટેકરાવાળી પગદંડીમાંથી પસાર થતો હતો કે વનરાજને આશ્ચર્ય લાગવા માંડયું કે પેલો વાંસળીવાળો કયે રસ્તે થઈને ટોચે પહોંચ્યો હશે. એક જગ્યાએ તો કોતરેલા ખડકમાંથી નીકળવાનું હતું, ને એ ગુફામાંથી બહાર નીકળો કે તરત સામે ભયંકર ખીણ મોં વકાસીને પડી હતી. જરાક પગ ચૂકે તો મોતના મોંમાં જઇ ચડે એવી ભયંકરતા ત્યાં હતી.

વનરાજ જેમતેમ ઉપર પહોંચ્યો પણ પેલો વાંસળી વગાડવાવાળો તો કાંઈ ન હોય તેમ પોતાની મસ્તીમાં મસ્ત હતો.

વનરાજ વધુ પાસે સર્યો. પણ તે હેબતાઇને બે ડગલાં પાછો હઠી ગયો. એક ભયંકર સીધા ઝૂલતા ખડકની ટોચ

ઉપર વાંસળીવાળો બેઠો હતો. નીચે નજર નાખો તો કોઈ ત્રણ ચાર હજાર ફીટ અંધારઘેરી ખીણ ત્યાં પથરાયલી હતી; ને આંહી ટોચે તે બેઠો હતો એટલી જ જગ્યા બેસવાની હતી. ઝૂલતા ખડકની નીચે જો અકસ્માત પણ નજર થઈ જાય તો ચક્કર આવીને પડી જવાય એવી ભીષણ એ ટેકરી હતી.

વનરાજને હેબતાઈ ગયેલો જોઈને વાંસળીવાળો હસી પડચો. વનરાજને થયું કે હમણાં હસવા હસવામાં એ પોતાનું શરીર એક તરફ ઢાળી દેશે તો નીચે પડી જાશે, એટલે એ વધુ દૂર પાછો હઠી ગયો.

પણ વાંસળીવાળો કાંઈ પડી જાય તેવો ન હતો. તેણે પોતાના શરીરને બરાબર કેળવ્યું હતું. તે ધીમેથી બેઠો થયો. એટલી તો સુંદર ઊંચાઈનો એ આકર્ષક જુવાન હતો કે વનરાજ વાંસળીની વાત ભૂલી ગયો ને આ માણસે આવું સશક્ત પ્રમાણબદ્ધ શરીર શી રીતે વિકસાવ્યું હશે એના વિચારમાં પડી ગયો. એની દસે આંગળીએ સોનારૂપાના વેઢ હતા. હાથમાં કડિયાળી મજબૂત ડાંગ હતી. ખભે ધાબળો હતો. નાડીમાં ફૂમતાં ઝૂલી રહ્યાં હતાં. ઓડિયાં સુંદર રીતે વાળીને કાનને ફૂલથી શણગાર્યા હતા. આંખમાં મીઠું અંજન હતું. પણ અંજન વડે આંખની શોભા ન હતી. જાણે કે એની મરદાઇ એની આંખમાં બેસીને એને શણગારી રહી હતી. વનરાજ એની સામે જોઈ રહ્યોઃ 'તમે આ ક્યાં શીખ્યા?'

'શું?'

‘ આ વાંસળી વગાડવાનું. ’

‘ શિખવાડે કોણ ?—શિખવાડનાર આ રહી—આ —’ એમ કહીને એણે ચારે તરફની વિસ્તીર્ણ લીલોતરી ભરેલી ટેકરીઓ બતાવી: ‘ આ જંગલની મજા જેણે લીધી હોય એને હોઠે એ એની મેળે આવી ચડે છે. આ તો કોઠાવિદ્યા છે. ’

વનરાજ જંગલનો શોખીન હતો. પણ એને માટે જંગલ એ આપત્તિમાં આશ્રયસ્થાન જેવાં હતાં; જ્યારે આ જુવાન તો જંગલનો રસિયો નીકળ્યો. એને માટે તો જંગલ માતાના ખોળા જેવાં હતાં.

‘ તમે આ જંગલમાં બહુ ફર્યા છો ? ’ વનરાજે પૂછ્યું.

જવાબમાં સ્વચ્છ સુંદર હાસ્ય આવ્યું: ‘ બહુ ફર્યો છું ? અરે, આ જંગલનો રસ્તે રસ્તો, કેડીએ કેડી, પગદંડીએ પગદંડી, ઝાડે ઝાડ ને છોડે છોડ મને ઓળખે છે. હું એમને ઓળખું છું. પેલો લેલુંબ રૂખડો—જુઓ ત્યાં—’

વનરાજે દૃષ્ટિ કરી તો અત્યંત દૂર તળેટીમાં એક મહાન ઝાડ હતું.

‘ એ રૂખડા નીચે મારી બેઠક છે. તમે આ તીર રાખો છો તે ફેંકતાં તો આવડતું હશે નાં ? ’

વનરાજને લાગ્યું કે આ માણસ અજબ લાગે છે. એટલી નિર્ભયતાથી વાત કરે છે કે જાણે પોતે પૃથ્વીપતિ

હોય! વનરાજે જવાબ વાળ્યો: 'તીર રાખું છું ને વીંધી પણ જાણું છું!'

'ત્યારે કરો જઈ, પેલા રૂખડાને નિશાન—'

વનરાજે રૂખડાને નિશાન કરીને સનન કરતું તીર ફેંક્યું. પણ અરે! આ શું? સાથેસાથે બીજું તીર કોણે ફેંક્યું? હવામાં જેમ સરેરાટી બોલતી જાય એમ સરેરાટી બોલતી ગઈ. વનરાજના તીરની સાથોસાથ પેલા જુવાને પોતાની લાકડી ફેરવીને એવો તો ઘા કર્યો હતો કે તીરના જેવી ઝડપથી એ પણ ચાલી ગઈ. જાણે બીજું તીર! અને વનરાજના તીરની સાથે જ એ પણ જાતી રૂખડા સાથે ભટકાઈ.

હજી તો વનરાજ આ માણસની ઘા કરવાની શક્તિનો ખ્યાલ કરે છે, ત્યાં જેમ પાણીનો ધોધ પડે તેમ પેલો જુવાન ટેકરી ઉપરથી સડેડાટ નીચે ઉતર્યો. પોતાની લાકડી લેવા એ દોડયો. વનરાજ તો એ જોઇ જ રહ્યો. મોંભર ભૂંડે હાલે પડયા વિના આવી છાતીફાટ ચડાઈનું ઉતરાણ એ શી રીતે કરે છે, એ વળી નવી નવાઈની વાત લાગી. પેલો જુવાન તો કાંઈ ન હોય તેમ ઝપાટાબંધ નીચે પહોંચી ગયો હતો.

થોડીવારમાં તે લાકડી ને તીર લઈ આવ્યો. એને હાંફ ચડી ન હતી કે થાક લાગ્યો ન હતો. એ માત્ર વાંસળી વગાડનારો જ નથી પણ તેની કાયામાં અથાક શ્રમ સહન કરવાની શક્તિ છે એ જોઈને વનરાજને એને માટે માન થયું.

'તમે કોણ છો? તમારું નામ શું?' તેણે પૂછ્યું.

'મારું નામ અણહિલ.'

'કેવા છો?'

'ભરવાડ—

'આંહીં શું કરો છો આ જંગલમાં?'

'આ જંગલમાં મને મજો પડે છે. ગામમાં હવે મને ગોઠતું નથી. રાજ પરદેશી છે. એનાં માણસ સાથે મફતનો કજીયો થઇ જાય—કે'છે જયશિખરી મહારાજનો છોકરો પાકયો છે પણ એનામાં પાણી હોય તો આની પાસેથી રાજ ઝુંટવતાં આટલી વાર લાગે ખરી?'

અણહિલના વાકયે વનરાજને વિચાર કરતો કરી મૂકયો. આ ભરવાડ માત્ર શેખી કરતો ન હતો. એના બળનો પરિચય હમણાં જ એણે આપ્યો હતો. વનરાજને થયું કે જો આવો માણસ એનો મિત્ર ને સાથી બની જાય તો જંગલે જંગલની છાની સંતાવાની જગ્યાઓ એને મળી જાય. તો દુશ્મનોને એવા તો થકવી દેવાય કે એ હાથ-જીભ કાઢે. તેણે અણહિલની રાજભક્તિની કસોટી કાઢવા માટે કહ્યું: 'પણ આ રાજ શું ખોટું છે? જૂના રાજાનો એવો મોહ શા કામનો? જે રાજ કરે તે આપણો રાજા.'

'આ વળી તમે નવી નવાઈની વાત લાવ્યા. બાપની ધરતી દીકરો પાછી નહિ વાળે તો તો પછી કળજુગ ચારે પાયે બેસી ચૂકયો બાપ! બીજું શું?'

'પણ એ એકલો શું કરે?'

---

*ટાળું. બેંશનું ખાડું કહેવાય.

'સાવજનાં તે વળી ક્યાંય ખાડાં* હોતાં હશે? એકલો મરણિયો તો હજારને ભારે પડે!'

'પણ ત્યારે તમે એને કેમ સાથ નથી આપતા? તમે એને જોયો છે?'

'કોને?' અણુહિલે પૂછ્યું.

'જયશિખરી મહારાજના છોકરાને—'

'કે'છે બહાદુર છે. પણ રૈયતને જગાડચા વિના શી રીતે એ રાજ મેળવવાનો હતો? હમણાં તો રૈયતને રંજાડે છે!'

'બહારવટું ખેડવું કાંઈ સહેલું છે?' રૈયતને રંજાડે નહિ તો શું કરે?

'શું કરે? અરે, આ જંગલમાં એવા એવા તો ખોયાણુ ભોંરસ્તા પડચા છે કે આખાં લશ્કરનાં લશ્કર તૈયાર થાય તો કોઇને પત્તો પણ લાગે નહિ. જંગલ કોઈને જોવું નથી ને પછી જંગલ એને શું આપે? જંગલની વાત તો અનેરી છે!'

વનરાજ વિચાર કરી રહ્યો. અણુહિલની વાત સાચી હતી. વહેલેમોડે લડચા વિના માત્ર રૈયતને રંજાડીને રાજ પાછું કેમ લેવાય? તેણે મીઠાશથી કહ્યું: 'પણ તમે આ વાંસળી ક્યાંથી શીખ્યા? કોની પાસેથી શીખ્યા?'

'એ તો ઠીક છે, બાપુ, બે ઘડી મનમોજનું સાધન. જ્યાં જુઓ ત્યાં પરદેશી ભોડાં રખડતાં હોય, અટલે અમારા જેવા ભરવાડાં આંહીં જંગલમાં સારાં!'

'પણ ત્યારે તમે જયશિખરીના છોકરાને મદદ આપો તો?'

'કે'છે બહાદુર છે. મદદ માગે તો આપીએ—'

'લ્યો, મદદ માગે છે. શી મદદ આપશો?'

'એ કાંઈ એમ કહેવાય?'

'પણ આ માગે તો છે.' વનરાજના મોં ઉપર જરા સ્મિત આવી ગયું.

'કોણ માગે છે? શું માગે છે—?' અણુહિલે આશ્ચર્યથી પૂછ્યું.

'પછી આ તમારી સામે કોણ ઉભેલ છે? અણુહિલ!'

અણુહિલ ભરવાડની નસેનસમાં રાજભક્તિ હતી. તેને પોતાનું વતન વહાલું હતું. મહારાજ જયશિખરીના પુત્રની કીર્તિ તેણે ચારે તરફ સાંભળી હતી, એને થયું, એ જ આ ન હોય?'

'તમે કોણ છો?' તેણે પૂછ્યું.

'ઓળખી કાઢો' વનરાજે કહ્યું.

વનરાજને જ આજે પોતાની સમક્ષ ઉભેલો જોઈને અને એનાં રૂપ અને તેજ જોઈને અણુહિલથી હાથ જોડાઈ ગયા. તે વનરાજને નમી પડચો:

'મહારાજ! ક્ષમા કરો. મેં તમને ઓળખ્યા નહિ. શું તમે જ વનરાજ મહારાજ?'

વનરાજે કહ્યું: ‘ ક્ષમા કરવાની વાત નથી. તમે તો મને એક નવો રસ્તો બતાવ્યો છે. રૈયતને રંજાડવાથી નહિ, જગાડવાથી ગયેલું રાજ પાછું મેળવાશે. તમારો મને સાથ હશે તો આપણે ઘેરઘેર ફરીને નવા મરદ જગાડીશું ! ’

‘ મહારાજ ! પ્રજા તો તૈયાર થઈ જશે. પણ શરૂઆત બહુ જ છાની રીતે કરવી પડશે. સૈનિકો તૈયાર કરવા એ કાંઈ જેવી તેવી વાત નથી. બહારવટાં ચલાવવાં સહેલાં છે—પણ સૈનિકો તૈયાર કરવા સહેલા નથી. ’

‘ આપણે હવે એ કામ ઉપર જ મંડીશું. બહારવટું બહુ ખેડ્યું. મામા હતા, એની ઓથ હતી, એ પણ ગયા—’

‘ કોણ સુરપાળ મહારાજ ? અરેરે, એમને શું થયું ? ’

‘ દેવ થયા—

‘ અરે ! ભગવાન—! એમની ઓથે તો આપણે સાત સમદર પાર કરત. ’

‘ પ્રભુને જે ગમ્યું તે ખરું. હવે તો અણહિલ ! તમારા જેવા જુવાનો ઉપર જ મારો આધાર છે—’

‘ આધાર મારા નાથ સોમનાથ ભગવાનનો—પણ ઘેરઘેર ફરીને મહારાજ માટે એક સેના સરજવાનું હું કબુલું છું— ’

‘ ને હું તમને એ મારી થનારી સેનાના સેનાપતિ નીમું છું. ’

અણહિલે હાથ જોડીને ભક્તિથી સેનાપતિ પદનો સ્વીકાર કર્યો.

ચાંપાની મુલાકાત

અણહિલનો ભેટો થયા પછી વનરાજને નવું જોમ આવ્યું.

અણહિલે ઘેરઘેર ફરીને નવા સૈનિકો તૈયાર કરવા શરૂ કર્યા.

પિતાના સમયના જે રાજભક્ત લોકો હતા તેમની સાથે વનરાજે પણ સંબંધ બાંધવો શરૂ કર્યો. અને સાથે સાથે દુશ્મન રાજના સૈનિકોને રંજાડીને બહારવટાનું કામ પણ આગળ ધપાવ્યું.

એક વખત વનરાજ એ પ્રમાણે એક મોટા રાજમાર્ગ ઉપર સંતાઈને બેઠો હતો. કોઈ સારું એવું બડદ મળી જાય તો પોતાની મહિના બે મહિનાની ઘરખરચી નીકળી જાય એવી એની નેમ હતી. એને લૂંટફાટમાંથી એક નવો અનુભવ મળ્યો હતો. ઘણી વખત એકલદોકલ ચાલ્યા જતા મુસાફરો તો એટલું બધું જરજવાહિર સાથે રાખીને ફરતા હોય છે કે એવી એકાદ લૂંટમાંથી તો, આખા ગામનાં ગામ ભાંગતાં પણ ન મળે, એટલી બધી સમૃદ્ધિ મળી રહેતી.

આવી જ કોઈ એકાદ લૂંટ મળી જાય તો બેડો પાર થઈ જાય.

વનરાજ એવો વિચાર કરીને પોતાના બે સાથીદારો સાથે ત્યાં ગુપચુપ બેઠો હતો.

એટલામાં કોઈ એક શેઠને આવતો તેણે જોયો.

ત્રણે જણા તરત તૈયાર થઈ ગયા. પેલો શેઠ નજીક આવ્યો એટલે એમણે રસ્તાની બન્ને બાજુએ દેખા દીધી.

પેલો શેઠ નાસી જઈ ન શકે એટલા માટે એક જણો એની પાછળ દોડવાની તૈયારી કરીને પણ ઊભો રહ્યો.

પણ પેલો શેઠ તો નાસવાને બદલે હતો ત્યાં જ સ્થિર થઈ ગયો. લેશ પણ ગભરાટ વિના તેણે પોતાના ભાથામાંથી બે તીર ખેંચી કાઢ્યાં. ને સૌના દેખતાં એ બન્ને ભાંગીને ફેંકી દીધાં.

આવા સંજોગમાં જ્યારે બીજો કોઈ માણસ ભાથામાં તીર વધારે હોય તો સારું એવી ઈચ્છા કરે ત્યારે આ શેઠને આ પ્રમાણે પોતાનાં તીર ભાંગી નાખતો જોઈને વનરાજને આશ્ચર્ય થયું. તેને થયું કે આ માણસ પાસે કાંઈક અજબ જેવી કરામત લાગે છે. તેણે પોતાના સાથીદારોને ત્યાં જ ઊભા રહેવાનું કહ્યું. તે પોતે એકલો નિઃશસ્ત્ર બનીને આગળ ચાલ્યો. એને એમ આવતો જોઈને પેલા શેઠે પણ ઘા ન કર્યો.

શેઠની પાસે પહોંચીને વનરાજે પૂછ્યું: ‘ શેઠ ! અમારે

તમને સતાવવા નથી. પણ આ તો તમારી વાત નવી નવાઈની કહેવાય ?'

'કઈ વાત ભાઈ?'

'તમે ભાથામાંથી બે તીર ખેંચીને કેમ ભાંગી નાખ્યાં ?'

'કારણ વિનાનો વધારાનો ભાર શું કરવા વેઠવો એમ ધારીને. મારી પાસે પાંચ તીર હતાં !'

'પાંચ તીર બહુ કહેવાય ? સામસામે તીરંદાજી ચાલે ત્યારે તો ભાથામાં તીર વધારે હોય એમ સારું !'

'એ તમારા જેવા માટે' શેઠે ગર્વથી કહ્યું: 'તમે ત્રણ જણા છો ને આ રહ્યાં મારી પાસે ત્રણ તીર. વધુને શું કરવાં છે ?'

'ને એકાદ નિશાન ચૂકી જવાય તો ?'

'તો પછી વગડામાં તેતર-ચકલાં મારીએ જુવાન ! નિશાન ચૂકી જવાય તો તો થઇ રહ્યું નાં ?'

વનરાજ તો સાંભળી જ રહ્યો. પહેલાં તો એને શેઠના વચન ઉપર વિશ્વાસ બેઠો નહિ. પોતાના અચૂક નિશાન ઉપર, આવી અજબ શ્રદ્ધા ધરાવે એવો કોઈ માણસ એણે હજી સુધી જોયો ન હતો.

'આ તો બધી શેખી લાગે છે શેઠ ! તમે પણ ઠીક દમમાં ને દમમાં કામ લેવા માંડયું છે !'

'એ તમને આજકાલનાં છોકરાંને શેખી લાગે. જઈને થાનકે ઉભા રહો. ને ઘા કરો એટલે ખબર પડશે!'

'પણ તમારું નામ તો આપો. શું નામે તમને પડકારીએ?'

'અમારું નામ જામ્બ છે. લ્યો, હવે ત્રણે જણા તૈયાર થઈ જાઓ; અમારે પાછાં બીજાં કામ ખોટી થાતાં હોય!'

જામ્બને લૂંટવાનો વનરાજનો ઈરાદો તો ક્યાંયનો ક્યાંય ભાગી ગયો. આ જામ્બ તો કોઈ અજબ લડવૈયો નીકળ્યો. એને થયું કે આ શેઠ જો એના કામમાં ભળે તો એનું કામ વળી ઔર વેગ પકડે.

'પણ શેઠ! આટલો બધો ગર્વ રાખો છો ત્યારે કેમ નીચીમૂંડીએ પરરાજ ચાલવા દ્યો છો?'

'એમાં તો ધણી જોઈએ ભાઈ! ધણી. ધણી વિના કાંઈ ધીંગાણું થાય?'

'પણ કે'છે ને જયશિખરીનો છોકરો છે!'

'કુંવર છે એમ કે'છે ખરા, પણ એ બચારો તો રાંકડાની રાબ લૂંટી ખાય, બીજું શું કરે?'

'તમારા જેવા એની પડખે ચડે તો એનો દિ ફરે. પણ તમારા જેવા તો એને ઓળખે નહિ!'

'અરે, એમ કાંઇ હોય? અમે'ય મહારાજ જયશિખરની છત્રછાયા જોઈ છે. પણ સૂરપાળ મહારાજ દેવ

થયા ને કુંવર કોણ જાણે ક્યાં જંગલમાં ભટકતો હશે !'

વનરાજ હવે નિઃશંકપણે આગળ વધ્યો. તેણે જામ્બની પાસે પહોંચીને તેના કાનમાં કાંઇક કહ્યું.

'હેં !' જામ્બ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો. પછી બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

'મહારાજ ! તમે ધરતી ઘેર પાછી વાળવા નીકળ્યા છો એ સાંભળીને તો ગુજરાતીઓની છાતી ઉછળી રહી છે. મને હવે અત્યારથી જ તમારા ભેગો ગણી લ્યો. જે કામ સોંપવું હોય એ સોંપો !'

'તમને બીજું શું કામ સોંપું ? હું રાજ વિના રખડું છું ત્યારે તમે મારા મંત્રી; ને હું રાજ મેળવું ત્યારે પણ તમે જ મારા અમાત્ય !' રસ્તા ઉપર ઉગેલી આવળનાં બેચાર ફૂલ તોડીને વનરાજે જામ્બના માથા ઉપર મૂકી જાણે તેનો મંત્રી તરીકેનો અભિષેક કર્યો !

જામ્બે પોતાનું કામકાજ છોડી વનરાજ માટે ઘેરઘેરથી એક જુવાન લાવવાનું કામ શરૂ કર્યું.

આ જામ્બ એ જ ઈતિહાસમાં મંત્રીશ્વર ચાંપાના નામથી પ્રસિદ્ધ છે. એણે વસાવેલું શહેર તે ચાંપાનેર.

ગુર્જર જુવાનો જાગે છે

આ બાજુ જંગલમાં અણહિલ અને વનરાજનો સાથ થયો એટલે તો દુશ્મનોનાં હાંજાં ગગડી જાય એવી છાની તૈયારીઓ ચાલવા માંડી. વનરાજના બહારવટાને પરિણામે હવે રાજની તિજોરીનો એવો બંદોબસ્ત થવા લાગ્યો હતો કે હાથોહાથની મોટી લડાઈ વિના એક દ્રમ્મ પણ મેળવવો મુશ્કેલ હતો. રૈયતને રંજાડવાનું વનરાજે બંધ કર્યું હતું એટલે લુંટફાટમાંથી પણ કાંઇ મળે તેમ ન હતું. પણ અણહિલ અને એના સાથીઓ વેષપલટા કરીને છાની રીતે ગામડામાં ઘૂમવા લાગ્યા. ને જ્યાં લાગે કે મહારાજ જય શિખરીનું નામ હજી ભક્તિથી લેવાય છે, ત્યાં કળથી વાત કરી વનરાજ મહારાજના નામે દ્રમ્મ માગે, ને લોકો પોતાના રાજાને મદદ કરવા માટે રાજીખુશીથી આપે. ઘેરઘેર વનરાજનું નામ વધારે ને વધારે જાણીતું થવા લાગ્યું. કનોજના રાજાનું સૈન્ય ઘણું વિશાળ હતું અને એટલે દૂરથી આ દેશને કબજે રાખવા માટે એણે બહુ બંદોબસ્ત કર્યો હતો. એટલે ખરેખરી મહાન લડાઈ કરી પરદેશીને પરાજય પમાડ્યા વિના એક તસુ જમીન પણ હવે હાથ આવે

તેમ ન હતું. કામ ઘણું વિકટ હતું. સાધનો નહિ જેવાં હતાં. છાની રીતે તૈયારી કરવાની હતી. લોકોમાં વિશ્વાસ પેદા કરવાનો હતો કે જયવારો વનરાજ મહારાજનો જ થશે. એટલે અણહિલ ને અણહિલના સાથીઓ જુદાજુદા વેષે, લોકોમાં ફરીફરીને, વનરાજમહારાજના ધ્વજ નીચે સૈનિક તરીકે જોડાવા માટે સૌને તૈયાર કરવા લાગ્યા. ક્યાંય જોગીને વેષે જાય ને રાજપલટાની વાતો કરે; ક્યાંય જોશીને વેષે જાય ને આકાશીતારાઓની ચાલ ઉપરથી ગણિત કાઢે કે જયશિખરીના છોકરો રાજ પાછું મેળવશે; કોઇ ઠેકાણે વેષ કાઢીને લોકોને સમજાવે; ક્યાંક સીધી રીતે શેઠિયાઓને મળીને દ્રમ્મ માગે. જુના સૈનિકોનાં સંતાનોને શોધીને માતા રૂપસુંદરીને નામે એમની સેવા માગે. એમ રાત ને દિવસ સૈનિકોની ભરતી ચાલી. અને એ સઘળા સૈનિકો કોણ જાણે ક્યાં જઇને વસવા લાગ્યા. જંગલની તો કેડીએ કેડીનો અણહિલ જાણકાર. એટલે વનરાજમહારાજને લઇને ગમે તે કોઈ ગામડામાં જઈને મહાજનને ભેગું કરી, રાજ સ્થાપનાની વાતો કરી, મદદ લઈ, સૈનિકો નોંધી, વ્યવસ્થા કરી, આડે અવળે માર્ગે એવી રીતે પાછો ફરી જાય કે કોઈને કાંઈ પત્તો લાગે નહિ.

સૈન્ય તૈયાર થવા લાગ્યું. પણ એ બાતમી ઉપરથી દુશ્મન રાજાએ પણ પોતાનું લશ્કર વધારી દેશનો કબજો રાખવાની તૈયારી કરી દીધી.

ભુવડની પુત્રી મહણિકાએ વધારે ને વધારે બંદોબસ્ત કરી કોઈ ઠેકાણે વનરાજ ફાવી ન જાય તેની તૈયારી રાખી.

બીજી બાજુથી દેશભરમાં વનરાજની નામના વધવા લાગી. અનેક જુવાનો ઘેરઘેરથી પોતપોતાનાં હથિયાર લઈ મહારાજના સૈન્યમાં જોડાવા માટે આવવા લાગ્યા. જેમજેમ દિવસો જતા ગયા તેમતેમ લોકોમાં ઉત્સાહ વધવા લાગ્યો. ગામડે ગામડે મહાજનો, છાની રીતે રાતભર તાલીમ લેતા સૈનિકોને, અન્ન પૂરું પાડવા લાગ્યા. ઘોડાંની ખરીદી ચાલી. હથિયારો સજાવા લાગ્યાં. તલવારો તૈયાર થવા લાગી. તીરને ઝેર સીંચાવા લાગ્યાં. તીરંદાજોની નામાવલિ મહારાજની પાસે આવવા માંડી. દેશ આખામાં ઉત્સાહ વ્યાપી ગયો. લડવા માટે સૌ અધીરા બની ગયા. દરેકે દરેકને પરદેશીની સત્તા ખુંચવા લાગી. ઠેકાણે ઠેકાણે ગુપ્ત મંત્રણાઓ થઈ રહી. નવીનવી યોજનાઓ ઘડાવા લાગી. દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા. પણ મહારાજ વનરાજે પાકી તૈયારી કર્યા વિના બહાર ન પડવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો સૌ તકની રાહ જોવા લાગ્યા.

ઘણા વખત પછી એક શુભ સમાચાર મળ્યા. વર્ષો થયાં ભેગી કરેલી રાજની સઘળી સમૃદ્ધિ લઈને મહણિકા દેવીના સૈનિકો પોતાના દેશમાં જઇ રહ્યા છે એવી બાતમી આવી.

એની સાથે મોટી સેના છે. સેનાપતિઓ, સરદારો, સામંતો ને ખુદ કુંવરી પોતે પણ સાથે છે.

આ લશ્કર સાથે જો ભેટો થાય ને એને પરાજય પમાડવામાં આવે તો દુશ્મનની કેડ તૂટી જાય.

અણહિલે આ સમાચાર આપ્યા ને મહારાજની છાવણીમાં આનંદ વ્યાપી ગયો.

મધરાતે ગાઢ ઘેરા અંધારભર્યા જંગલમાં યુદ્ધની વાતો કરવા માટે મહારાજની સભા મળી.

ત્યાં દીવા ન મળે. પ્રકાશ આપનારાં કોડિયાં ન મળે. થોડાક તારાના તેજ સિવાય બીજું તેજ ન મળે. વખતે રડયાખડયા આગિયાઓ ચમકી જાય ને એક પળભર મહારાજની આંખો દેખાય. પોતાની વર્ષોની મહેનતને સફળ કરવાનો—અથવા રણભૂમિમાં દેહ પાડવાનો મહારાજનો વજ્જર નિશ્ચય, એમાં સૈનિકો જુએ ન જુએ ત્યાં એ ચળકાટ ફરતો ફરતો ચાલ્યો જાય!

મહારાજ વનરાજની એવી એ યુદ્ધસભા ત્યાં મળી હતી.

મંત્રીશ્વર જામ્બ એક બાજુ બેસીને પોતાના જુવાન રાજાને કંઇકંઈ ગુપ્ત મંત્રણા આપી રહ્યો હતો.

ગુજરાતનું પાટનગર જેના નામે સ્થપાવાનું હતું તે જુવાન અણહિલ ભરવાડ મહારાજની પાસે બેસીને ભક્તિથી એમની મુખમુદ્રામાં આ દૃઢ નિશ્ચય જોઈ રહ્યો હતો.

હજારો જુવાનોના ચહેરા ઉપર પણ એ જ નિશ્ચય ફરકી રહ્યો હતો.

કાં તો યુદ્ધ જીતીને રાજ મેળવીએ છીએ અથવા રણમાં પડીને સ્વર્ગ મેળવીએ છીએ.

કુરુક્ષેત્રના યુદ્ધ પછી વર્ષોને અંતે, જાણે દૃઢ નિશ્ચયી

તાલિમબદ્ધ તરુણોની સભા મળી હતી : અને તેમાંનો દરેકે-દરેક અભિનવ અભિમન્યુ હોય તેમ રણમાં ચડવાને અને મરવાને થનગની રહ્યો હતો.

મહારાજ વનરાજે ઝાંખાઝાંખા તારાના તેજમાં એક દૃષ્ટિ આ સભા ઉપર ફેરવી. કોઈ બોલતું નથી. કોઈ ખોંખારો ખાતું નથી. કોઈનું કપડું પણ ચાલતું નથી. જાણે યુદ્ધનો દૃઢનિશ્ચય થઈ જ ગયો હોય.

મહારાજ જયશિખરીના શંકરબારોટનો જુવાન છોકરો પણ ત્યાં હતો. તેણે ઊભા થઈને બુલંદ અવાજે એક ચરણ લલકાર્યું.

ધર જાતાં ધ્રમ પલટતાં, ત્રિયા પડતાં તાવ,
યે તીનુહિ દિન મરણરા, કહા રંક કહા રાવ.'

આખી સભા ઉપર જાણે વિજળીનો કડાકો બોલી ગયો. 'યે તીનુહિ દિન મરણરા' એ અમર કાવ્ય-પંક્તિ જાણે દરેક જુવાન નીરખી રહ્યો. સૌને લાગ્યું કે જો આ સમે મરણ નહિ આવે તો તો પછી કોઈ દિ મરણ નહિ આવે. પછી જે આવશે તે મરણ નહિ હોય. પછી જે આવશે એ તો મંદવાડ હશે ને શરીર ખભળી જઈને પડી જાશે. મરણ આવે અથવા ધરતી પાછી આવે એવો વજ્જર નિશ્ચય સૌના મનમાં થઈ ગયો.

અંતે અણહિલ ઉભો થઈને બોલ્યો: 'બોલો જુવાનો, મહારાજ વનરાજનો જય !'

ગગનભેદી અવાજે એ શબ્દો ઝીલાઈ ગયા. તરત

રણશીંગાં ફૂંકાયાં. શંખધ્વનિથી આકાશ ગાજી ઉઠયું. ભેરીના નાદથી જંગલ જાગી ગયાં. ઢોલ ત્રાંસાના અવાજે ઝાડ કંપી ઉઠયાં.

અને મહારાજ વનરાજના જબરજસ્ત તાલીમબદ્ધ સૈન્યે જંગલમાંથી બહાર પ્રયાણ કર્યું.

ઘોડાઓના દાબડાના એક સરખા અવાજ પડી રહ્યા છે. પદાતિઓ નિયમસર ચાલી રહ્યા છે. મહારાજનો ઘોડો હણહણી રહ્યો છે. અને દેશને પાછો મેળવવા હજારો જુવાનો મૃત્યુને ભેટવા આગળ વધી રહ્યા છે.

દેવોને જોવાનું મન થાય એવું એ દ્રશ્ય હતું.

નવા નગરની સ્થાપના

મહારાજ વનરાજે દોરેલું સૈન્ય ઝડપથી આગળ વધ્યું. દેશની અઢળક સંપત્તિને અને સોરઠના જાતવાન ઘોડાઓને લઈને દુશ્મનો પોતાને દેશ જઈ રહ્યા હતા.

એમને પણ ખાત્રી થઈ ગઇ હતી કે હવે આ દેશ કબજે રાખવો મુશ્કેલ છે. જયશિખરીના પુત્ર વનરાજે આખા દેશને જગાડયો છે. એટલે જેટલું લેવાય તેટલું લઈ લેવા માટે તેઓનો પ્રયત્ન હતો.

વનરાજે તેમને મહી નદીનાં કોતરોમાં રોકયા. લડાઈ પૂરજોસમાં ચાલી. ગાજવીજનું ભયંકર તોફાન થાય ને જેમ વાદળાં એક બીજા સાથે અથડાય તેમ સુભટો એક બીજા સાથે અથડાવા લાગ્યા. શંખ, ભેરી, ઢોલ ને નગારાના અવાજથી મહીનદીનાં કોતરો ગાજી ઉઠયાં. નદીમાં શોણિતનો પ્રવાહ વહેવા લાગ્યો. બાણ, અસ્ત્ર, હળ, મુશળ, ફરશી, ગદા ને પથરાનો વરસાદ વરસવા લાગ્યો. હાથીઓ ચીસો પાડવા લાગ્યા. ઘોડેસવાર સામે ઘોડેસવાર, ને પદાતી સામે પદાતી, જમીન રાખવા ને કાં જુદ્ધમાં મરી અમરકીર્તિ વરવા, ઘૂમવા માંડ્યા. જ્યાં જ્યાં વનરાજ પડતો ત્યાં

ત્યાં રણક્ષેત્ર ખાલી બની જતું. પડછાયાની પેઠે જામ્બ ને અણહિલ બન્ને તેની સાથે ને સાથે રહેતા હતા.

દુશ્મનદળ જબરું હતું. પણ ગુર્જરોનો નિશ્ચય જબરો હતો. સાંજ પડતા પડતામાં દુશ્મનો બધું મૂકીને ભાગવા માંડ્યા.

બન્ને બાજુના અનેક યોદ્ધાઓ ઘવાયા. સામે મોંએ દુશ્મનોને રણક્ષેત્રમાં હંફાવીને વનરાજે એમની સઘળી સંપત્તિ લૂંટી લીધી.

આટલી બધી અઢળક સંપત્તિ મળી. અનેક જાતવાન ઘોડાં હાથ આવ્યાં. કેટલાક કહે છે આ લૂંટમાં ચોવીસ લાખ સુવર્ણદ્રમ્મ મળ્યા. અને ચાર હજાર જાતવાન ઘોડાં આવ્યાં. ગમે તેમ પણ વનરાજને આથી ઘણો જ ટેકો મળી ગયો. અને શસ્ત્ર અને અસ્ત્રના તો ઢગલે ઢગલા મળ્યા. દુશ્મનો રાતમાં ને રાતમાં રણક્ષેત્ર મૂકી ભાગી ગયા. ત્યારપછી થોડે સમયે મહારાજા વનરાજે, આખું ગુજરાત જેને માટે ગર્વ લઈ શકે એવું, કોઈ મહાનનગર સ્થાપવાનો વિચાર કર્યો.

પંચાસર રણને કાંઠે હતું. વળી એ છિન્નભિન્ન થઈ ગયું હતું. એટલે વનરાજે સરસ્વતી નદીને કિનારે એક સુંદર જગ્યા પસંદ કરી.

ત્યાં શહેર વસાવવાની દંતકથા તો એવી છે કે સસલાને શિકારી કૂતરા સામે થતું જોઈને વનરાજે ત્યાં શહેર વસાવ્યું.

પણ એવી દંતકથાઓ તો અનેક શહેરો વિષે ચાલે છે. અમદાવાદ માટે પણ વાત છે કે અહમદશાહ બાદશાહે સસલાને કૂતરા સામે થતું જોઇ એ જગ્યાને પરાક્રમશીલ માની ત્યાં શહેર વસાવ્યું.

જયશિખરીના પુત્રે બાપનું રાજ પાછું મેળવ્યું છે ને હવે સરસ્વતીને કાંઠે નવું શહેર વસાવે છે એવી વાત ચારે તરફ ચાલી.

એ વાત જાહેર થતાં જ લોકોમાં નવો ઉત્સાહ આવ્યો. ઠેકાણે ઠેકાણેથી પ્રજાજનો આંહીં આવવા લાગ્યા. જયશિખરીનો જ પુત્ર નવું ગામ વસાવે છે એ જોઈને પંચાસરથી પણ અનેક લોકો ત્યાં આવી પહોંચ્યા. ભિન્નમાલથી એમની જાતના ચાવડાઓ આવ્યા. માતા રૂપસુંદરી ચૈત્યવાસ તજીને નગરવાસ કરવા આવ્યાં. વયોવૃદ્ધ મુનિ શીલગુણસૂરિને આ પ્રસંગ નજરોનજર જોવા વનરાજે સન્માનપૂર્વક પધરાવ્યા.

નગરના વસાવવા સાથે જ ચાવડાકુલના રાજ્યનો પાયો પણ નાખવાનો હતો. અત્યાર સુધી તો નામ પ્રમાણે વનનો જ રાજા હતો તે વનરાજ આજે બાપની ગાદી મેળવી ખરેખર રાજા બનતો હતો.

એ પ્રસંગે સેંકડો પ્રજાજનો ભેગા થયા. શરણાઈઓ વાગી રહી. શંખ ફૂંકાવા માંડ્યા. મહારાજનો જયજયકાર થવા લાગ્યો. લોકો આ મંગલ પ્રસંગને ઉત્સાહભેર વધાવવા ચારે તરફથી ભેગા થવા લાગ્યા. જેમજેમ દેશભરમાં આ

મંગલ પ્રસંગની જાણ થતી ગઈ તેમતેમ લોકોનાં ટોળે ટોળાં વધુ ને વધુ આવવા લાગ્યાં. નગરની સ્થાપનાનો દિવસ એ તો જાણે કે નવા રાજની સ્થાપનાનો દિવસ બની ગયો.

તે દિવસે સુંદર પંચકલ્યાણી અશ્વ ઉપર ચડીને મહારાજ વનરાજ આવ્યા. પાછળ એમના સાથીદારો ને સુખ-દુઃખમાં માથું મૂકી લડનારા રણયોદ્ધાઓ હતા. અનેક શ્રેષ્ઠીઓ ને નગરજનો આવ્યા. વિશ્વાસુ ભીલો આવ્યા. જંગલમાંથી પ્રથમ જ બહાર આવવા પામેલી ભીલની સ્ત્રીઓ પોતાનો હર્ષ દર્શાવવા ગીતો ગાઈ રહી હતી. રાજ-પુરોહિત આમતેમ ફરતા હતા. રાજબારોટ શંકરનો પુત્ર બિરદાવલી ગાઈ રહ્યો હતો.

'એનું નામ અણહિલ્લપુર પાટણ!'

શહેરનું ખાતમૂહુર્ત થયું. જમીનની પૂજા થઈ. હજારો માણસો એ પ્રસંગ નિહાળી રહ્યા. નગરનું નામ પાડવાનો સમય થયો. ને રાજપુરોહિતે મહારાજા સામે જોયું: 'મહારાજ! નગરનું નામ—નગરનું નામ શું પાડવાનું છે?'

મહારાજે ચારે તરફ જોયું. પણ એનો પ્રિયમિત્ર ક્યાંય મળે નહિ.

મહારાજ કોને ખોળી રહ્યા છે એ જોવા સૌ અધીરા થયા. એટલામાં વનરાજે કહ્યું:

'પેલો ક્યાં ગયો?'

'કોણ મહારાજ?'

'પેલો ભરવાડ. દુઃખ વખતે આડા ઘા ઝીલતો ને આજ હવે સુખ આવ્યું છે ત્યારે ક્યાંય આડે ફરકતો પણ નથી—એ ક્યાં ગયો?'

સૌ ચારે તરફ જોવા લાગ્યા. પણ અણહિલ ત્યાં હતો નહિ.

કોઈકે કહ્યું: ' એ તો મહારાજ ! નદીને સામે ક
બેઠો વાંસળી વગાડે છે ! '

' ત્યારે વગાડવા દો એને. આપણે આ નવા નગ
નામ એને જ નામે ગુંથવાનું છે ! '

નગરજનો, શ્રેષ્ઠીઓ, યોદ્ધાઓ, સરદારો
આશ્ચર્યચકિત થઈ ગયા. પોતાનું નામ નગરસાથે જોડી
' યાવચ્ચંદ્રદિવાકરૌ ' કીર્તિ મેળવવાનો મોહ વનર
જતો કર્યો હતો. એણે અત્યારે પોતાની ખરી પિછ
આપી. એનું પ્રતાપી ને તેજસ્વી વદન બોલતાં બોલ
આનંદથી શોભી ઉઠયું: ' આપણે તો નગરનું નામ
ભરવાડને નામે પાડવાનું છે. '

' એને નામે મહારાજ ? ભરવાડને નામે ? નગ
નામ એને નામે ? '

સૌનું આશ્ચર્ય વધતું ચાલ્યું. લાગ્યું કે મહાર
વિનોદ કરે છે. એટલામાં વનરાજે કહ્યું:

' હા. એનું નામ આ નગર સાથે જોડવાનું
અણહિલ હોય નહિ—ને આપણે જંગલમાં નિરાંતે
કામ કર્યાં તે કરી શકીએ નહિ. નગરનું નામ પ
' અણહિલ્લપુર પાટણ.'

' અણહિલ્લપુર પાટણપતિનો જય ! ' રાજપુરોહિતે ક

' પાટણપતિનો જય ! ' સામેથી લોકોએ ગર્જ
ઉપાડી લીધી.

અને પોતાનું નામ હવામાં ગુંજતું જોઈને સરસ્વતી નદીને સામે કાંઠે બેસીને વાંસળી વગાડતો રબારી તો આશ્ચર્યથી ને ઉપકારથી મુગ્ધ બની ગયો.

લોકો પણ આ બનાવથી નવા મહારાજના ચારિત્રની ભવ્યતા જોઈને છક્ક થઈ ગયા.

પોતાના નામે નહિ, પિતાના નામે નહિ, માતાના નામે નહિ, ગુરુ શીલગુણસૂરીના નામે પણ નહિ—પણ પોતાના એકના એક રંક જીવનમિત્ર અણહિલ ભરવાડને નામે મહારાજે શહેરનું નામ રાખ્યું : 'અણહિલ્લપુર પાટણ.' પોતાના યુદ્ધના અનેક વિજયો કરતાં પણ વધારે મોટો વિજય મહારાજે કર્યો: કીર્તિનો મોહ જતો કરીને.

આ પ્રસંગ સંવત્ ૮૦૨ ના વૈશાખ શુદ બીજને સોમવારે બન્યો.

તે દિવસથી અણહિલપુર પાટણનો ઈતિહાસ શરુ થાય છે.

રાજ્યાભિષેક

બીજે દિવસે મહારાજનો રાજ્યાભિષેક થવાનો હતો. રાજતિલક કરવાનો સમય આવ્યો. મહારાજને બેન તો હતાં નહિ. રાજમાતા તો વિધવા ગણાય. મહારાજને કપાળે રાજતિલક કોણ કરશે એ વાત સૌ કુતૂહલથી ચર્ચી રહ્યા હતા. ચાવડાવંશની મહારાજની કોઇ દૂરની સગી આવશે કે વખતે કોઈ સુભટની પુત્રી એ સ્થાન લેશે એમ સાને લાગતું હતું. પણ એટલામાં તો શરમથી ધીમાં પગલાં માંડતી એક સ્ત્રી દેખાણી. એ કોણ છે એની તો ઘણાને ખબર પણ ન હતી. નદીના શાંત જલતરંગની પેઠે એ આગળ આવી. મહારાજની સામે ઊભી રહી તેણે હેતથી ઓવારણાં લીધાં. આવું અપૂર્વ માન મેળવનાર સ્ત્રી કોણ છે એ જાણવાની સૌને જિજ્ઞાસા થઈ આવી. પેલી સ્ત્રીએ મહારાજને કપાળે કંકુ ને ચોખા ચોડયા. પ્રેમથી મહારાજનાં ફરી ઓવારણાં લીધા. મહારાજે નીચા નમીને આ નારીના આશીર્વાદ લીધા. સૌ કોઇ જોઇ રહ્યા. એટલામાં મહારાજ પોતે જ બોલ્યા : 'નગરજનો ! અને સામંતો ! આજથી વર્ષો પહેલાં જ્યારે હું કેવળ લૂંટારો હતો, ત્યારે અકસ્માત એક શેઠના ઘરમાં ચોરી કરવા પેઠો. ઘરમાંથી

ઘરેણુંગાંઠું લીધું. પણ કોઠલો ઉઘાડતાં દહીંના વાસણમાં અકસ્માત હાથ પડી ગયો ને એમાં મારા હાથની રેખાઓ છપાઈ ગઈ. ત્યાં ને ત્યાં, આ ઘરનું અનાજ ખાધું છે એમ માનીને, મેં સઘળું પાછું છોડી દીધું. આટલો નાનો સરખો અકસ્માત થયો પણ એનું ફળ બહુ મોટું મળ્યું. એ હાથની રેખા બીજે દિવસે એ ઘરની એક કન્યાએ જોઈ અને એણે કહ્યું કે આ હાથ ચોરનો નથી. આ હાથ રાજાનો છે. કોઈએ એનું માન્યું. કોઈએ એનું ન માન્યું. પણ એણે તો આ રાજાનો જ હાથ છે એવી અખૂટ આત્મશ્રદ્ધાથી મારી તપાસ શરૂ કરી. જ્યારે સૌ કોઈ મને લૂંટારો જાણીને ભડકતા હતા, જ્યારે આ રાજસ્થાપનાનું સ્વપ્ન કોઈના મનમાં હજી પૂરું ઉગ્યું પણ ન હતું, તે વખતે એ કુલનારીએ મને રાજા માન્યો ને રાજા તરીકે જ ગણ્યો. એનો એ આશીર્વાદ ફળ્યો. મારી એ બેન—તે આજે આંહી ઊભેલ છે. એનું નામ શ્રીદેવી. શ્રીદેવી મારી બેન છે ને એને હાથે આજે મારું રાજતિલક થાય એ મારી અંતરની ઇચ્છા આજે પાર પડી છે. એટલે આ રાજ પણ *સાત અંગોથી સુશોભિત બની રહેશે.'

મહારાજની આ વાત સાંભળીને પ્રજાજનોએ હર્ષનો પોકાર કર્યો. પોતાના દેશ ઉપર આવો ચારિત્રવાન રાજા આવે છે એ જોઇને સૌને આનંદ આનંદ થઇ ગયો.

એટલામાં મહારાજે ફરીવાર કહ્યું : 'જેવી રીતે અમારાં બહેન શ્રીદેવી અને અમારો ગોપાલમિત્ર અણહિલ છે તેવી

*રાજ્યના સાત અંગો રાજા, અમાત્ય, સુહૃદ, દુર્ગ, રાષ્ટ્ર, લશ્કર અને કોશ.

રીતે અમારા એક ત્રીજા મિત્રનો પરિચય પણ તમે સૌ આજે કરી લેજો. આપણા નવારાજના આ સૌ સ્તંભો છે. ‘ જ્યારે અમે જંગલમાં રખડતા અને રસ્તામાં લૂંટફાટ કરી ગુજરાન ચલાવતા તે સમયની એક બીજી વાત કહું.

‘ એક સમયની વાત છે. અમારો પેલો ગોપાલમિત્ર —અણહિલ—એ વખતે અમારી સંગાથે ન હતો. પણ એક રસ્તો રોકીને અમે ત્રણ જણા ઊભા હતા. રાહ જોતા હતા કે કોઇ ધનવાન વટેમાર્ગુ મળી જાય તો કામ પાકી જાય. એટલામાં એક શેઠ નીકળ્યા. અમારો વિચાર એમને લૂંટી લેવાનો હતો.

‘ પરંતુ પેલા શેઠ પણ જબરા નિશાનબાજ હતા. તેણે અમને જોયા કે તરત જ પોતાની પાસે પાંચ તીરો હતાં તેમાંથી બે ફેંકી દીધાં ને ત્રણ તીરો જ રાખ્યાં.

‘ કોઇપણ માણસ લડવાની તૈયારી કરે તો પોતાના ભાથામાં જેટલાં વધારે તીરો હોય તેમ સારું એમ માને. પણ આ શેઠે તો એનાથી ઉંધી રીતે પોતાના ભાથામાંથી ઉલટાનાં તીર ઓછાં કર્યાં.

‘ એ જોઇને અમને તો ભારે આશ્ચર્ય થયું. અમે પૂછ્યું : “ અરે શેઠ ! આમ કેમ કર્યું ? તીરો ફેંકી કેમ દીધાં ? ”

‘ શેઠે જવાબ વાળ્યો: “ કારણ કે તમે ત્રણ જણા છો ને મારી પાસે ત્રણ તીર છે એ બસ છે ! ”

‘ અરે પણ ભલામાણસ ! એવો એંકાર શા કામનો ? વખત છે ને નિશાન ચૂકયા તો ? ’ અમે કહ્યું.

'નિશાન હું ચૂકું ?' શેઠે સિંહના જેવી નિર્ભયતાથી અમને જવાબ વાળ્યો. 'તમે ત્રણે જણા ચાલ્યા તો આવો.'

'અમને લાગ્યું કે આ પુરુષ કોઇ મૈત્રી કરવા જેવો છે. અમે તો લડવાનું છોડીને એમને કહ્યું: "પણ ત્યારે તમારી એ કલા બતાવો તો ખરા !"

'તમે તીરભાથાં છોડી આંહીં આવો તો બતાવું !' શેઠે અમને કહ્યું.

'અમે તો તીરભાથાં તજી એમની નિશાનબાજી જોવા ઊભા રહી ગયા. થોડીવારમાં એક સમળી સામેથી ઉડતી આવી. 'આ—જોઇ ?—' પેલા શેઠે કહ્યું: 'ને જુઓ આ તીર એને વીંધી નાખશે, એને ભલે ઉડવું હોય એટલું ઉડે !'

'ને સાચે બન્યું પણ એમ જ. સમળી તો ઉડતી હતી—પણ તેની પાછળ છોડેલું તીર બરાબર એને ચોટી ગયું ને તે ધબ દઈને નીચે પડી ગઇ.

'તે દિવસથી અમે એ શેઠને અમારા મિત્ર બનાવ્યા હતા. આજે હવે એ અમારા અમાત્ય બને છે. કયાં ગયા જામ્બ શેઠ ! આમ તો આવો.'

સભાસ્થાનના પાછળના ભાગમાંથી એક તદ્દન સાદો વણિકશેઠ ઉભો થયો. લડાઇ ખતમ થયે જામ્બશેઠ તો પાછા સાદા વણિકજન બની ગયા હતા. અને આજે મહારાજની સભામાં છેક છેલ્લે જઈને ગુપચુપ બેસી ગયા હતા.

'આમ આવો—આમ—આવો.' મહારાજે પ્રેમથી તેને બોલાવ્યો. 'તમે મારા અમાત્ય છો. તમારા વડે આ રાજ્ય સમૃદ્ધ થશે ને દૃઢ થશે.'

જગ્ગશેઠ—જામ્બશેઠ—ચાંપાશેઠ આગળ આવ્યા ને મહારાજને નમીને એમણે આપેલા અમાત્યપદનો સ્વીકાર કર્યો.

હજી એક વસ્તુ રહી.

રાજમાતાને આજદિવસ સુધી આશ્વાસન આપી એમનો દેહ જેમણે જાળવ્યો હતો તે જૈનમુનિ શીલગુણ-સૂરિને પંચાસરથી બોલાવ્યા હતા. તેની પાસે જઈને રાજાએ નતમસ્તકે તેનું બહુમાન કર્યું અને કહેવાય છે કે પાર્શ્વનાથનું મંદિર બંધાવી તેમાં પોતાની આરાધક પ્રતિમા ઊભી કરાવી. અને પંચાસરના પાર્શ્વનાથને તેમાં પધરાવ્યા.

આ પ્રમાણે પોતાના પિતાની અંતિમ ઇચ્છા, વર્ષોના વનવાસને અંતે પણ, મહારાજ વનરાજે પૂરી કરી.

પિતાનું અપૂર્ણકામ પૂરું કરે તે પુત્ર એ વ્યાખ્યા મહારાજ વનરાજે સાચી કરી બતાવી.

એણે સાઠ વર્ષ રાજ કર્યું ને એકસોદસવર્ષનું લાંબું આયુષ ભોગવ્યું. વિ. સં. ૮૬૧ માં એનો કાળ થયો. આપણી પાસે તે સમયનો વિશ્વાસ લાયક ઈતિહાસ તો બહુ નથી, પણ દંતકથાઓ, પ્રબંધો, કેટલાક ઉલ્લેખો એ ઉપરથી જે કાંઈ મળે છે તેમાંથી એટલું તો ચોક્કસ લાગે છે કે ભુવડના રાજને ગુજરાતમાંથી કાઢવાનો જે પ્રયત્ન

થયો તે ઘણે લાંબે ગાળે ને ઘણા કષ્ટે પાર પડયો. એ સઘળો સમય ગુજરાતની પ્રજાએ પોતાના પ્રિયરાજાના બાળક પુત્રને મદદ આપવામાં કચાશ રાખી ન હતી. ભીલોએ, જૈનોએ, બ્રાહ્મણોએ અને રાજાના સગાંવહાલાંઓએ એકસંપી કરીને બાળરાજાનો છેક સુધી પત્તો જ મળવા દીધો નહિ એ કાંઈ જેવા તેવા ગૌરવની વાત નથી. અને જ્યારે એણે ઉઘાડેછોગે દુશ્મનોને હંફાવવા શરુ કર્યા ત્યારે તો પ્રજાના પણ ઘણા મોટા સમૂહે બાળરાજાને મદદ કરવાની હિમ્મત કરી અને નવી રાજસ્થાપનાનો દિવસ પાસે આણ્યો. ગુજરાતના ઈતિહાસનો આ એક ઘણો જ યશસ્વી પ્રસંગ છે. એ સમયે સઘળા દેશજનો ‘ એક ’ હોય તેમ વર્ત્યા હતા.

ચાવડાવંશનું વનરાજે સ્થાપેલું પાટણનું રાજ લગભગ બસો વર્ષ ચાલ્યું; પણ ગુજરાતના ઈતિહાસમાં પાટણની મહત્તા તો લગભગ પાંચસો વર્ષ સુધી ટકી રહી. એની ગાદી ઉપર વનરાજ પછી યોગરાજ, ક્ષેમરાજ, મૂળરાજદેવ, ભીમદેવ સોલંકી, મહાન સિદ્ધરાજ, કુમારપાલ વગેરે પરાક્રમી રાજાઓ થઈ ગયા. તેની સાહિત્ય અને શિલ્પની સમૃદ્ધિ દેશભરમાં ડંકો વગાડનારી થઈ. સોલંકીયુગના મંદિરો જોઈને આજે પણ લોકો મુગ્ધ બની જાય છે. આબુ ઉપર વિમલદંડનાયકે અને વસ્તુપાલ તેજપાલે બાંધેલાં દહેરાં દુનિયાનાં સર્વોત્તમ શિલ્પમાં સ્થાન પામે છે. ગુજરાતનું નામ હિંદના ઈતિહાસમાં પણ ઉજ્જવલ બન્યું અને પાટણને ગૌરવભરેલી પ્રતિષ્ઠા વરી. એનાં ખંડેર પણ

આજે એ ભવ્યતાની ઝાંખી કરાવે છે. પાટણની ગાદી ઉપર તો અનેક પરાક્રમી રાજાઓ વનરાજ પછી થઈ ગયા, પણ વનરાજનું સ્થાન તો અનોખું જ રહ્યું છે. વર્ષો સુધી એક ધ્યેયને ખાતર આ પ્રમાણે રખડી રખડીને એણે ચાવડા વંશની ગાદી પાછી આણી. અને પછીની સઘળી મહત્તાનાં અને પરાક્રમશીલતાનાં બીજ તો જંગલમાં ઉછરેલા, વનવન રખડીને આપનું રાજ પાછું લેવા મથતા—એક તરુણે રોપ્યાં હતાં, એ સંભારીએ છીએ ત્યારે લાગે છે, કે વનરાજ ખરેખર વનનો રાજા— સિંહ—નરકેસરી હતો. અને તેણે જે નગર સ્થાપ્યું તેણે પોતાની કીર્તિ હિંદભરમાં સ્થાપી અને જ્યારે એનાં ખંડેર થયાં—ત્યારે એ ખંડેર પણ એટલાં જ ભવ્ય રહ્યાં.

ગુજરાતના ઈતિહાસમાં ચાવડા અને સોલંકીયુગના રાજાઓની—ગૌરવ કથાની સાથે જ એ યુગના વિદ્વાનો, જૈનમૂનિઓ, મહામંત્રીઓ અને રણોત્સાહી યોદ્ધાઓની ગૌરવકથા પણ શોભે તેવી છે. જામ્બ, વિમલ, મુંજાલ, સાંતૂ, વસ્તુપાલ, તેજપાલ, આમ્રભટ્ટ એ અને એવા બીજા અનેક એ યુગનાં રત્નો છે. આજે પણ ભવ્યખંડેર જેવા પાટણનું એક સહસ્રલિંગ તળાવ જોનારને પણ તરત ખ્યાલ આવી જાય કે એ નગરી કેટલી વિશાળ ને અનુપમ હશે! અને કેટલી મહત્તા એણે પ્રાપ્ત કરી હશે.

આ પ્રમાણે આપણા ગુજરાતના એક તરુણે શી રીતે પોતાનું કાર્ય પાર પાડ્યું તેની આ વીરગાથા છે. એનો ઉત્સાહ હરેક તરુણમાં ઊતરો.

શ્રીસયાજી બાળજ્ઞાનમાળા

ઐતિહાસિક ચરિત્રો

1 (૪) **મહારાણા પ્રતાપ.** રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ. એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૨ (૮) **ઔરંગઝેબ.** મનસુખરામ મોહનલાલ પોટા, બી. એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૩ (૧૦) **રણજિતસિંહ.** ભરતરામ ભાનુસુખરામ મહેતા, એ. ટી. સી. ઇ. (૧૯૨૦–૧૯૨૩) ૦–૬–૦

૪ (૧૧) **શ્રીહર્ષ.** ભરતરામ ભાનુસુખરામ મહેતા (૧૯૨૦–૧૯૨૨) ૦–૬–૦

૫ (૧૬) **બાલ નેપોલિયન.** દિનકરરાય પુરુષોત્તમરાય જોષીપુરા (૧૯૧૯–૧૯૨૫) ૦–૬–૦

૬ (૧૯) **श्रीहर्ष.** આનંદપ્રિય આત્મારામજી, બી. એ; એલએલ. બી. [**हिंदी**] (૧૯૨૧) ૦–૮–૦

૭ (૨૪) **લૉર્ડ વિલિયમ બેન્ટિંક.** હીરાલાલ હરજીવન ગણાત્રા, બી. એ; એલએલ. બી , સોલિસિટર (૧૯૨૨) ૦–૬–૦

૮ (૨૫) **નાના ફડનવીસ.** રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ. એ. (૧૯૨૨) ૦–૬–૦

૯ (૨૮)	**મહાદજી સિંધોયા.** વલ્લભરાય લાલશંકર છાયા, બી. એ. (૧૯૨૨)	૦–૬–૦
૧૦ (૩૪)	**બાલ બાબર** મનસુખલાલ મોહનલાલ પોટા, બી. એ. (૧૯૨૩)	૦–૬–૦
૧૧ (૪૧)	**વિલિયમ યુવર્ટ ગ્લૅડસ્ટન.** હીરાલાલ હરજીવન ગણાત્રા, બી. એ,. એલએલ. બી. સોલિસિટર (૧૯૨૪)	૦–૬–૦
૧૨ (૪૨)	**શૂરવીર શિવાજી.** ભરતરામ ભાનુસુખરામ મહેતા, એ. ટી. સી. ઇ. (૧૯૨૪)	૦–૬–૦
१३ (૪૭)	**छत्रपति संभाजी महाराज.** કેશવ મંગેશ રાંગણેકર, બી. એ. [**मराठी**] (૧૯૨૪)	૦–૬–૦
१४ (૪૮)	**महाराणा प्रताप.** પરશુરામ ગોવિંદ કાટદરે [**मराठी**]	૦–૬–૦
૧૫ (૫૧)	**ડયુક ઓફ વેલિંગ્ટન.** હીરાલાલ હરજીવન ગણાત્રા, બી. એ., એલએલ. બી.. સોલિસિટર (૧૯૨૪)	૦–૬–૦
१६ (૬૪)	**औरंगजेब.** આનંદપ્રિય આત્મારામ પંડિત. બી. એ., એલએલ. બી. [**हिंदी**] (૧૯૨૮)	૦–૬–૦
૧૭ (૬૬)	**ચક્રવર્તી અશોક.** હરિરાય ભગવંતરાય બુચ	૦–૬–૦
१८ (૬૭)	**बाल बाबर.** વિષ્ણુ પાંડુરંગ નેને, બી. એ. [**मराठी**]	૦–૬–૦
१९ (૭૭)	**विलयम पवर्ट ग्लडस्टन.** વિષ્ણુ પાંડુરંગ નેને, બી. એ. [**मराठी**]	૦–૬–૦
२० (૮૧)	**अशोक.** વિષ્ણુ પાંડુરંગ નેને. બી. એ. [**मराठी**]	૦–૬–૦

२१ (९७) **આપણા મહારાજા.** ચંદ્રશંકર મ. ભટ્ટ 0—६—0

२२ (९८) **કોલમ્બસ.** (સચિત્ર) 0—६—0

२३ (१०३) **कर्ण** કવિ રામરાવ માર્તંડ ભાંબુરકર [**मराठी**] 0—६—0

२४ (१०५) **रामदास** કવિ રામરાવ માર્તંડ ભાંબુરકર [**मराठी**] 0—६—0

२५ (१०७) **झांशीची शूर राणी लक्ष्मीबाई.** श्रीमती લક્ષ્મીબાઈ પ્રધાન [**मराठी**] (१९३३) 0—६—0

२६ (१०९) **भीष्म** વિ. વા. જોશી [**मराठो**](१९३३) 0—३—0

२७ (११४) **पलिचपुर.** ય. ખુ. દેશપાંડે [**मराठो**] (१९३४) 0—६—0

२८ (११५) **चक्रधर.** દત્તાત્રેય સીતારામ પંગુ, એમ. એ. રાજારામ કોલેજ [**मराठो**] १९३४ 0—४—0

२९ (१२४) **વિમળશાહ.** ધીરજલાલ ટોકરશી શાહ (१९३५) 0—६—0

३० (१३२) **વસ્તુપાલ–તેજપાલ.** ધીરજલાલ ટોકરશી શાહ (१९३५) 0—६—0

३१ (१३५) **મીરાબાઇ.** સૌ. પુષ્પા ર. વકીલ, બી, એ. (१९३५) 0—५—0

३२ (१३८) **હેમચંદ્રાચાર્ય.** પંડિત બેચરદાસ દોશી (१९३५) 0—८—0

३३ (१४५) **ચંદ્રહાસ.** રા. સા. ઇશ્વરલાલ ખાનસાહેબ, બી. એ. (१९३७) 0—६—0

૩૪ (૧૪૮) **મહમદ બેગડો.** પ્રો. એમ. એફ. લોખંડવાલા, એમ. એ. (૧૯૩૭) ૦—૬—૦

૩૫ (૧૫૫) **સુલતાન બહાદુરશાહ.** પ્રો. એમ. એફ. લોખંડવાલા, એમ. એ. (૧૯૩૮) ૦—૬—૦

૩૬ (૧૩૧) **आनंदीबाई पेशवे.** ચિં. ગ. કર્વે, બી. એ. [**मराठी**] (૧૯૪૦) ૦—૬—૦

૩૭ (૧૬૨) **ચંદ્રગુપ્ત (મૌર્ય)** ગિ. વા. આચાર્ય, બી. એ. (૧૯૪૦) ૦—૫—૦

३८ (१६३) **मल्हारराव होळकर. के. मं. रांगणेकर बी. ए.** [**मराठी**] (१९४०) ०—६—०

३९ (१६४) **मलिक-अंबर. वि. स. वाकसकर** [**मराठी**] (१९४१) ०—६—०

૪૦ (૧૬૭) **રામાનુજાચાર્ય.** ડો. પ્ર. મો. મોદી ૦—૮—૦

૪૧ (૧૭૧) **ગુરુ નાનક.** શ્રી. યો. જ. ત્રિપાઠી. (૧૯૪૨) ૦—૮—૦

૪૨ (૧૭૩) **ગુરુ ગોવિંદસિંહ** શ્રી. ર. ન. વહોરા. (૧૯૪૨) ૦—૮—૦

૪૩ (૧૭૪) **વીર વનરાજ** શ્રી. ધૂમકેતુ, અમદાવાદ (૧૯૪૨) ૦—૬—૦